Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૫ • વર્ષ : ૮૦ • ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



## અનુક્રમણિકા

અંક–૫ ● વર્ષ : ૮૦
૧૦ ઓગસ્ટ, ૨૦૨૬

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

✻ ઘનશ્યામભાઈ એચ. અમીન

✻ ભીખાભાઈ જ. પટેલ

✻ વાર્ષિક લવાજમ : રૂા. ૮૦

✻ છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

✻ ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ

✻ ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦

✻ website : www.gujaratscu.com

✻ E-mail : sahakarguj1850@gmail.com

સુખનું સરનામું : અત્ર, તત્ર, સર્વત્ર
– શ્રી નવીન વી. વાછાણી ૩

ભારતે શ્રમિકો, ખેડૂતો, MSME માટે
એક નવો ગલ્ફ ગેટવે ખોલ્યો
– શ્રી પીયૂષ ગોયલ ૬

સહકારી વિકાસ માટે
ભારતના છત્ર સંગઠન તરીકે NCELની ભૂમિકા
– ડૉ.વી. એમ. ચૌધરી ૧૦

સહકારી દૂધ મંડળીઓની સાફલ્યગાથા :
“અમૂલ પેટર્ન”
– શ્રી વી.એસ. ગઢવી ૧૬

આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન (ICU)
દિવસ – ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬
– ડૉ. કિશોર જી. સાધુ ૨૦

ધારણા એટલે ચિત્તવૃત્તિને શરીરની અંદર કે
બહારના કોઈ દેશ કે પદાર્થમાં જોડવાની સાધના
– શ્રી કિરણ ચાંપાનેરી (યોગ સાધક) ૨૭

આત્મનિર્ભર ભારતમાં સહકારિતા ક્ષેત્ર
ચાવીરૂપ છે
– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૨૯

ચિત્રકૂટ – સ્થિત – ગુપ્ત ગોદાવરી – મહાત્મય
– શ્રી વિનોદ એમ. મકવાણા ૩૧

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે... ૩૩

## ગ્રામસ્વરાજ

✻ દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
✻ નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
✻ છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
✻ ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે ‘ગ્રામસ્વરાજ’ મોકલવામાં આવે છે.
✻ ‘ગ્રામસ્વરાજ’ માસિક તથા ‘સહકાર’ પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
✻ રાજ્ય સહકારી સંઘના સભાસદોને “ગ્રામસ્વરાજ” તથા ‘સહકાર’ વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

# સુખનું સરનામું : અત્ર, તત્ર, સર્વત્ર

- ''સુખ ઊડતા પતંગિયા જેવું છે, જ્યારે આપણે તેને પકડવા પ્રયત્ન કરીએ ત્યારે વધુ દોડાવે છે, ને પકડાતું નથી. પકડવાનો પ્રયત્ન બંધ કરતા તે આપણાં ખંભા પર આવીને હળવેથી બેસી જાય છે.'' — કલાપી
- ''સુખી તે નથી જે અન્યને સુખી સમજે, પરંતુ જે પોતાને સુખી માને છે તે જ સુખી છે.'' — સ્પેનીશ કહેવત
- ''સુખ સર્વત્ર હાજર છે. તેનો સ્રોત આપણા મન-હૃદયમાં છે.'' — રસ્કિન.

સુખ શબ્દ જ પ્રસન્નતાસભર છે. આ શબ્દભાવ બધાને ખૂબ જ સાંભળવો, અનુભવવો, માણવો ગમે છે. આપણને કોઇ પૂછે કે સુખ ક્યાં રહે છે ? જો આપણે એ સમયે પ્રસન્નચિત હોઈએ તો કહેશું કે સુખ તો સર્વત્ર છે, પણ મન વ્યથિત હશે તો આપણો જવાબ હશે કે સુખ છે જ ક્યાં ? નર્યું દુઃખ જ છે. આનો અર્થ એ છે કે સુખ એ મનની સ્થિતિ છે. મનને ગમે, મનને રીઝવે, મનને સંતોષ અર્પે અને મનને પ્રસન્ન કરે તે આપણને સુખ લાગે છે. મનને ન ગમે, મનને પજવે, મનને દૂભવે, મનમાં અસંતોષ જન્માવે તેને આપણે દુઃખ કહીએ છીએ. દરેક વ્યક્તિની ઈચ્છા સુખી થવાની હોય છે. મનુષ્ય આદિ કાળથી સુખીની શોધમાં રહ્યો છે. તેમના દરેક પ્રયત્નો સુખની પ્રાપ્તિ માટેના જ હોય છે. જીવનમાં સુખ હંમેશા શક્ય છે. ખરું? એની ચોક્કસ સમજ હજુ સુધી આપણા કોઇ પાસે નથી. સુખની વ્યાખ્યા કે સમજ વ્યક્તિ-વ્યક્તિએ અલગ હોય છે. મોટાભાગના માણસો માટે તો સુખ એટલે વધુને વધુ મેળવવું, પ્રાપ્ત કરવું અને ભોગવવું. ઘણા તો માત્ર આર્થિક અને ભૌતિક સંપન્નતાને જ સુખનો આધાર માને છે. દુઃખ કોઇને ગમતું નથી. એટલે બધાને પ્રશ્ન એ થાય છે કે સુખની વ્યાખ્યા શું છે ? ચિંતકો, માનસશાસ્ત્રીઓ કહે છે કે સારાપણાની ભાવના, સંતોષ અને તૃપ્તિનો આનંદ એ સુખ છે.

**નવીન વી. વાછાણી**
૪૦૧- ચોકલેટ કોર્નર એપાર્ટમેન્ટ,
અંબિકા ટાઉનશીપ મેઈનરોડ, કેવલમ રેસિડેન્સી
નજીક, પોસ્ટ ઓફિસ, મોટા મવા, રાજકોટ
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

આપણે બાળપણની અવસ્થાને યાદ કરીએ તો કોઈ ઉત્સવમાં કે કોઈ મેળામાં ગયા હોય, સારી જાતજાતના પકવાન ખાવા મળ્યા હોય તે દિવસ જ્યારે યુવાવસ્થામાં સ્કૂલ-

કોલેજ કાળમાં આપણે પ્રથમ નંબરે આવ્યા હોય, રમત ગમતના ઈનામ મળ્યા હોય, વેકેશનમાં ગમતા પ્રવાસે જઇ આપણે મજા માણતા હોય તેને આપણે સુખ માનીએ છીએ. જ્યારે વૃદ્ધાવસ્થામાં આપણને સારી ભૂખ લાગતી હોય, આરોગ્ય સારું જળવાતું હોય, સંતાનો આદર-માન જાળવતા હોય, અને પ્રભુભક્તિમાં આનંદ આવતો હોય તેને આપણે સુખ ગણીએ છીએ. એટલે કે સુખ વ્યક્તિની ઉંમર અવસ્થા પ્રમાણે બદલાતા રહેતા હોય છે.

મોટાભાગના લોકો એવું માને છે કે તેમને સુખ કે દુઃખ કોઈ વસ્તુ કે વ્યક્તિથી મળે છે, પણ આ સાચું નથી. જ્ઞાનીજનો કહે છે કે આપણા સુખ કે દુઃખ માટે અન્ય કોઇ જવાબદાર નથી, આપણે પોતે જ જવાબદાર છીએ. કોઇ આપણને અપશબ્દ કહે ને આપણે ક્રોધિત થઇ દુઃખી થઇએ એ યોગ્ય નથી. આપણે બીજાની ભૂલનો દંડ શા માટે ભોગવવો જોઇએ. આપણે દુઃખ અનુભવવું ન જોઇએ.

સુખ એક ભ્રમણા છે. સુખ 'સુવર્ણમૃગ' જેવું છે તે કદી પકડાતું નથી. સુખને પકડવા જઇએ તે જ ક્ષણે તે છટકવા માંડે છે. સુખ-દુઃખ એક જ સિક્કાની બે બાજુઓ જેવાં છે. તે એકબીજાની સાથે જ રહે છે. સુખ-દુઃખ બંનેને એક બીજાનાં પૂરક બનાવી રાખવાથી આપણને આનંદ ઉપલબ્ધ થાય છે. સુખ કે દુઃખ એ ભૌતિક સ્થિતિનું નામ નથી, પણ મનઃસ્થિતિનું નામ છે. સુખ જો આપણી પાસે સમજ અને સંતોષ હોય તો તે અત્ર, તત્ર, સર્વત્ર, રહેલું છે. તે આપણી સમજ અને સંતોષથી ઉદ્ભવે છે ને અનુભવાય છે. માનવી બહુમૂલ્ય વસ્તુઓને વિપૂલ પ્રમાણમાં એકઠી કરી લઇને તેમના પર માલિકી હક્ક જમાવી લેવાથી સુખી થઈ શકતો નથી, નહિતર દુનિયાના બધા અમીરો ધનકુબેરો સુખી જ જેવા મળત પણ ઘણીવાર તેઓ અદના આદમી કરતાં પણ વધુ દુઃખી મળ્યા છે. જીવનના સમગ્ર અનુભવ દરમિયાન આનંદ, ખુશી અને અર્થપૂર્ણ સંતોષમય જીવનને જ વિદ્વાનો સાચુ સુખ હોવાનું માને છે.

મનની કેળવણી એ જ સુખ મેળવવાની મુખ્ય ચાવી છે. જેણે મન જીત્યું એણે જગત જીત્યું. મનનો ગુલામ માણસ એ સૌથી દુઃખી માણસ છે. જેની પાસે સંતોષ, શ્રમ, સેવા, દાન, ત્યાગ, પ્રેમ, પરોપકાર અને સારી સમજના ભાવો છે તે સુખી છે. જેઓ અસંતોષ, સ્વાર્થ, દ્વેષ, ઈર્ષા તથા અમર્યાદ લોભ, લાલચ, મોહ ધરાવે છે. તેઓ દુઃખી છે. દસ સુખદાયક બાબતોનો ઉલ્લેખ રામચરિત ઉપાધ્યાયે કર્યો છે. "ધીરજ, ઉદ્યમ, બુધ્ધિ, બળ, સાહસ, શક્તિ, સુનીતિ, સારી પત્ની, સારો પુત્ર અને સારો મિત્ર." આ દસ બાબતો સુખદાયક છે.

એનાથી વિપરિત બાબતો દુઃખદાયક બને છે. જીવનમાં સુખી થવું યા દુઃખી થવું એ મોટાભાગે તો આપણા જ હાથની વાત છે. ઘણીવાર તો આપણે જાતે જ અસંયમ, અસંતોષ અને અવિચારીપણાના કારણે દુઃખોનું સર્જન કરતા હોઈએ છીએ.

મનુષ્યે સુખ અને શાંતિ મેળવવા માટે તેને કુદરતના વિવિધ સ્વરૂપોમાં પણ રસ લેવો જોઈએ. આ સ્વરૂપો તેને નિહાળવા, ગમાડવા જોઈએ. તે સ્વરૂપો આપનો કલરવ, વહેતી નદીનું મધુર જળ, ખુલ્લું આકાશ, વૃક્ષો વેલીઓ, ફૂલો, ભ્રમરો, પતંગિયા આ બધી કુદરતની મનુષ્યને અર્પેલી સુખદાયક ભેટ છે. એમનું સાનિધ્ય આપણા મનની વ્યગ્રતા દૂર કરી સુખનો અનુભવ કરાવે છે. એટલે કે પ્રકૃતિ પણ સુખ મેળવવાની સમજ આપી રહી છે.

આજના ભૌતિક યુગમાં પૈસા કેન્દ્રસ્થાને છે. એ પૈસો જો મળી જાય તો સુખનો અનુભવતો થાય છે, પરંતુ એ સુખ કાયમી નથી. આ પૈસા જાય છે ત્યારે આપણને દુઃખ થાય છે. તો આપણે શું કરવું જોઈએ ? પૈસા જાય એ જાતની પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ. શેર, સટ્ટો, જુગાર, લોટરી, વ્યસન વગેરેથી દૂર રહેવું જોઈએ. જેની અપેક્ષાઓ ઓછી હોય, બધું મેળવી લેવાનો મોહ ઓછો હોય તો તેવી વ્યક્તિ હંમેશા સુખનો અનુભવ કરે છે. ધનસંપતિથી સુખ મળે છે, પણ તેની એક મર્યાદા છે. ગરીબી કરતાં અમીરી સારી છે, પણ સાથે સાથે ધનીક થવાની દોડધામમાં શરીરનું આરોગ્ય ખોઇ બેસીએ તો સંપતિ અર્થહીન બની જાય છે ને વ્યક્તિ સુખ માણી શક્તી નથી. છેલ્લે તેમને દુઃખી જ થવું પડે છે. એટલે ગમે તે સ્થિતિમાં તન-મનનું આરોગ્ય જાળવવું એ જ સાચું સુખ ગણી શકાય.

સારું આરોગ્ય, સારા સંતાનો, સારી આર્થિક સ્થિતી, સુખી સંસાર, સારી પ્રતિષ્ઠા અને સેવા તથા ત્યાગમય ઉદાર સ્વભાવ એ જીવનને સરળ અને સુખી બનાવે છે. ઈશ્વર તરફથી જે કંઇ મળ્યું છે તેમાં કાયમ સંતોષ અને સુખ માનીએ. બાકી જ્ઞાની મનુષ્ય માટે તો શું સુખ કે શું દુઃખ, તેમને મન તો એ બંને પ્રત્યે સમાનભાવ હોય છે. એટલે રજનીશજી કહે છે તેમઃ 'જે મનુષ્ય દુઃખમાં પણ જીવવા માટે રાજી હોય તેને સુખી થતા કોઇ અટકાવી શક્તું નથી.'' આપણે પણ દરેક પરિસ્થિતિમાં સુખી રહેવા પ્રયત્ન કરીએ, સમજ કેળવવીએ.

- ''ભૂખ વગર ખાધેલું અન્ન પચતું નથી તેવી રીતે દુઃખ વગર સુખ પણ પચતું નથી.'' — ગાંધીજી
- ''સર્વના સુખની ઈચ્છા કરવામાં જ સાચું સુખ રહેલું છે.'' — કેદારનાથ
- ''મનુષ્ય વધુ સુખી થવાના પ્રયત્નમાં ઘણીવાર વધુ દુઃખી થતો હોય છે.'' — કવિકાગ

વિકાસ

# ભારતે શ્રમિકો, ખેડૂતો, MSME માટે એક નવો ગલ્ફ ગેટવે ખોલ્યો

ભારત-ઓમાન મુક્ત વેપાર કરાર, જે ૧ જૂનથી અમલમાં આવી ગયો છે, તે ભારતના વિદ્યાર્થીઓ, કામદારો, મહિલાઓ, ખેડૂતો, માછીમારો માટે નવા બજારો ખોલીને અને રોજગાર સર્જનને વેગ આપીને વૈશ્વિક સમૃદ્ધિના માર્ગો બનાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મિશનની નિર્ણાયક સિદ્ધિ છે.

ભારત અને ઓમાન વચ્ચે ગાઢ આર્થિક સંબંધો અને લોકો વચ્ચે ગાઢ સંબંધો છે. ઓમાનમાં આશરે સાત લાખ ભારતીયો રહે છે, જેમાં ૨૦૦-૩૦૦ વર્ષ જૂના મૂળ ધરાવતા વ્યવસાયિક પરિવારોનો પણ સમાવેશ થાય છે. ઓમાનથી ભારતમાં વાર્ષિક રેમિટન્સ આશરે $૨ બિલિયન છે, જ્યારે ૬,૦૦૦ થી વધુ ભારતીય સાહસો ત્યાં કાર્યરત છે.

બંને દેશો વચ્ચેનો વ્યાપક આર્થિક ભાગીદારી કરાર આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે. તે ઓમાનમાં ૯૮ ટકા ટેરિફ લાઇન માટે ૧૦૦ ટકા ડ્યૂટી-મુક્ત બજાર પક્ષની સુવિધાઆપે છે જે ૯૯.૩૮ નિકાસને આવરી લે છે.

**શ્રી પીયૂષ ગોયલ**
કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી,
ભારત સરકાર

આ CEPA પહેલાની સિસ્ટમ કરતાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે. અગાઉની સિસ્ટમ હેઠળ, ફક્ત ૧૫.૩ ટકા ભારતીય નિકાસ શૂન્ય ડ્યૂટી વિના ઓમાનમાં પ્રવેશી શકતી હતી. ભારતીય માલ, જે હાલમાં ઓમાનમાં ૫ ટકા આયાત ડ્યૂટી આકર્ષે છે અને આશરે $૩.૬૪ બિલિયન નિકાસ કરે છે, તે હવે નોંધપાત્ર રીતે વધુ સ્પર્ધાત્મક બનશે.

ભારતના MSME ક્ષેત્ર માટે, આ કરાર પરિવર્તનકારી સાબિત થઈ શકે છે, કારણ કે CEPAથી લાભ મેળવતા ઘણા ક્ષેત્રોમાં નાના વ્યવસાયોનું વર્ચસ્વ છે. લોખંડ અને સ્ટીલ, કાપડ, ચામડું, ઓટો ઘટકો અને ઔદ્યોગિક સાધનો જેવા ચોક્કસ ક્ષેત્રોમાં MSMEને મોટા આંતરરાષ્ટ્રીય ઓર્ડર મળવાની અપેક્ષા છે, જેનાથી ઉત્પાદન, રોકાણ અને રોજગારમાં વધારો થશે.

વધતી જતી વૈશ્વિક અસ્થિરતાના યુગમાં, CEPA ભારતીય નિકાસકારોને, જેઓ આર્થિક મંદી અને વધતા વેપાર અવરોધોનો સામનો કરી રહ્યા છે, તેમના બજારોમાં વૈવિધ્ય લાવવા અને પરંપરાગત બજારો પર નિર્ભરતા ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.

રોજગાર સર્જન - આ વેપાર કરાર ભારતમાં મુખ્ય રોજગાર સર્જકો જેવા શ્રમ-સઘન ક્ષેત્રો જેમ કે કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, ખાદ્ય પ્રક્રિયા, દરિયાઈ ઉત્પાદનો, રત્નો અને ઝવેરાત અને કેટલાક એન્જિનિયરિંગ ક્ષેત્રોને લાભ આપે છે.

ઓમાનમાં કાપડ નિકાસમાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારો થશે અને તિરૂપુર, સુરત, લુધિયાણા, પાણીપત, કોઈમ્બતુર, કરુર, ભદોહી, મુરાદાબાદ, જયપુર અને અમદાવાદ જેવા મુખ્ય ક્લસ્ટરોમાં રોજગારીની તકો ઊભી થશે. ભારતના કારીગરો અને વણકરોને પણ તેમના ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાનો ફાયદો થશે.

સમગ્ર ભારતમાં ખાસ કરીને તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ તેમજ મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક અને મધ્ય પ્રદેશના કેટલાક ભાગો સહિત મુખ્ય ચામડા અને જૂતાના કેન્દ્રોમાં રોજગારની તકો ઊભી થશે.

CEPA રોજગાર વૃદ્ધિને કેવી રીતે વેગ આપશે તેનું બીજું એક ઉદાહરણ રત્નો અને ઝવેરાત ક્ષેત્ર છે. ભારતમાં કટ કરેલા અને પોલિશ્ડ હીરા, સોના અને ચાંદીના દાગીના અને હાથથી બનાવેલા દાગીનાના ઉત્પાદનમાં પહેલેથી જ મજબૂત ક્ષમતાઓ છે. ટેરિફ અવરોધો દૂર થવાથી ભારતીય નિકાસકારોને યુરોપિયન અને એશિયન સ્પર્ધકો પર નિષ્ણાયિક ફાયદો મળશે. ઉદ્યોગના અંદાજો સૂચવે છે કે આગામી ત્રણ વર્ષમાં ઓમાનમાં નિકાસ $૧૫૦ મિલિયન સુધી વધી શકે છે. આનાથી પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના દાગીના ઉત્પાદન કેન્દ્રોમાં નોંધપાત્ર રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે.

ખેડૂતો અને માછીમારો - સ્થાનિક ખેડૂતો અને સંવેદનશીલ કૃષિ હિતોનું રક્ષણ કરવા માટે, ભારતે થઉં, ચોખા, મકાઈ, શ્રી અન્ન, ડેરી, ફળો, શાકભાજી, ખાદ્યતેલ, તેલીબિયાં, ચા, કોફી અને મધ જેવા મુખ્ય ઉત્પાદનો પર કોઈ ટેરિફ મુક્તિ આપી નથી. ભારત ઘી, મધ, મીઠા બિસ્કિટ, અને કેટલાક કન્ફેક્શનરી ઉત્પાદનોમાં હરીફો પર

સ્પર્ધાત્મક ફાયદો મેળવશે, જેનાથી દેશના કૃષિ ઉત્પાદનોની માંગ વધશે અને ગ્રામીણ આવકમાં વધારો થશે.

આ કરારમાં ભારતના નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન પ્રમાણપત્રની સ્વીકૃતિ અને માન્યતાની પણ જોગવાઈ છે, જે ભારતીય ખેડૂતોને મુખ્ય ખાદ્ય આયાતકાર ઓમાનમાં ઓર્ગેનિક ઉત્પાદનો વેચવાની વિશાળ તકો આપશે.

દરિયાઈ ઉત્પાદનોમાં પણ વિશાળ સંભાવનાઓ રહેલી છે. ૨૦૨૨ અને ૨૦૨૪ વચ્ચે ઓમાનની દરિયાઈ ઉત્પાદનોની આયાત આશરે ૧૧૯ મિલિયન ડોલર થવાનો અંદાજ હતો. ભારતમાંથી આયાત ફક્ત ૭.૭૫ મિલિયન ડોલર હતી, જે ઝીંગા અને ફ્રોઝન કટલફિશ જેવા ભારતીય સીફૂડ નિકાસ માટે વિશાળ તકો રજૂ કરે છે. શ્રમ-સઘન દરિયાઈ ઉત્પાદનો ઉદ્યોગ માછીમારી, પ્રક્રિયા, પેકેજિંગ, કોલ્ડ-ચેઈન લોજિસ્ટિક્સ અને નિકાસ કામગીરીમાં વધારાની નોકરીઓ પેદા કરી શકે છે.

દવાઓ અને પરંપરાગત ચિકિત્સા - USFDA, EMA, UK MHRA અને TGA જેવા નિયમનકારો દ્વારા મંજૂર કરાયેલી ભારતીય દવાઓને ૯૦ દિવસની અંદર ઓમાનમાં ઓટોમેટિક માર્કેટિંગ અધિકૃતતા પ્રાપ્ત થશે - જે ભારતીય ફાર્મા નિકાસકારો માટે એક મોટી સફળતા છે.

એ પણ મહત્વપૂર્ણ છે કે CEPA ભારતની પરંપરાગત ચિકિત્સા સેવાઓ માટે તકો ઊભી કરે. તે પરંપરાગત દવામાં સંયુક્ત સંશોધનની જોગવાઈ કરે છે.

**સેવાઓ અને પરિવહન** - કરારનું બીજું મહત્વપૂર્ણ પાસું સેવાઓ અને પરિવહનમાં રહેલો છે. ઓમાને વ્યાવસાયિક સેવાઓ, કોમ્પ્યુટર અને આઈટી સેવાઓ, શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન, સંશોધન અને વિકાસ અને પર્યાવરણીય સેવાઓ સહિત ચોક્કસ નિકાસ ક્ષેત્રોમાં ભારત સાથે વ્યાપારી રીતે નોંધપાત્ર પ્રતિબદ્ધતાઓ વ્યક્ત કરી છે. એકાઉન્ટિંગ, એન્જિનિયરિંગ, દવા, બાંધકામ, શિક્ષણ અને કન્સલ્ટિંગ જેવા ક્ષેત્રોમાં ભારતીય વ્યાવસાયિકોને બજાર પહોંચમાં સુધારો થવાથી લાભ થવાની અપેક્ષા છે.

મહત્વપૂર્ણ વાત એ છે કે, ઓમાન ભારતીય વ્યાવસાયિકો અને કામદારો માટે ગતિશીલતા પ્રતિબદ્ધતાઓ વધારવા માટે સંમત થયું છે. ઈન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફર કરનારાઓ અને કોન્ટ્રાક્ટ સર્વિસ પ્રોવાઇડર્સને ચાર વર્ષ સુધી રહેવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે બિઝનેસ

મુલાકાતીઓ અને ફ્રીલાન્સ વ્યાવસાયિકો સરળ કામચલાઉ પ્રવેશનો આનંદ માણી શકશે. તેણે ઇન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફર કરનારાઓ માટે ઉપલી મર્યાદા ૨૦ ટકાથી વધારીને ૫૦ ટકા કરી છે.

વિકસિત દેશો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કરવાની મોદી સરકારની પહેલ એ દરેક ભારતીયના જીવનને સુધારવાના પ્રધાનમંત્રીના મિશનનો એક ભાગ છે.

ઓમાન સાથેનો કરાર એ યાદ અપાવે છે કે વેપાર એ વૃદ્ધિ, રોજગાર સર્જન અને સહિયારી સમૃદ્ધિ માટે એક શક્તિશાળી સાધન છે. વિભાજિત અને સંરક્ષણવાદી વિશ્વમાં, પીએમ મોદી સ્પષ્ટ સંદેશ મોકલી રહ્યા છે કે એક નવું, આત્મવિશ્વાસુ ભારત પાછળ હટશે નહીં. તે ભાગીદારી, સ્પર્ધા અને વૈશ્વિક જોડાણ દ્વારા આગળ વધશે.

(જયહિન્દ તા.૦૨-૦૬-૨૦૨૬ માંથી સાભાર)

*ભારતના MSME ક્ષેત્ર માટે, આ કરાર પરિવર્તનકારી સાબિત થઈ શકે છે, કારણ કે CEPAથી લાભ મેળવતા ઘણા ક્ષેત્રોમાં નાના વ્યવસાયોનું વર્ચસ્વ છે. લોખંડ અને સ્ટીલ, કાપડ, ચામડું, ઓટો ઘટકો અને ઔદ્યોગિક સાધનો જેવા ચોક્કસ ક્ષેત્રોમાં MSMEને મોટા આંતરરાષ્ટ્રીય ઓર્ડર મળવાની અપેક્ષા છે, જેનાથી ઉત્પાદન, રોકાણ અને રોજગારમાં વધારો થશે.*

*વધતી જતી વૈશ્વિક અસ્થિરતાના યુગમાં, CEPA ભારતીય નિકાસકારોને, જેઓ આર્થિક મંદી અને વધતા વેપાર અવરોધોનો સામનો કરી રહ્યા છે, તેમના બજારોમાં વૈવિધ્ય લાવવા અને પરંપરાગત બજારો પર નિર્ભરતા ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.*

*રોજગાર સર્જન - આ વેપાર કરાર ભારતમાં મુખ્ય રોજગાર સર્જકો જેવા શ્રમ-સઘન ક્ષેત્રો જેમ કે કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, ખાદ્ય પ્રક્રિયા, દરિયાઈ ઉત્પાદનો, રત્નો અને ઝવેરાત અને કેટલાક એન્જિનિયરિંગ ક્ષેત્રોને લાભ આપે છે.*

સહકારિતા

# સહકારી નિકાસ માટે ભારતના છત્ર સંગઠન તરીકે NCELની ભૂમિકા

ભારત કૃષિપ્રધાન દેશ છે અને દેશની આર્થિક પ્રગતિમાં ખેડૂતો તથા સહકારી ક્ષેત્રનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. આજે વૈશ્વિકીકરણના યુગમાં માત્ર ઉત્પાદન વધારવું પૂરતું નથી, પરંતુ તે ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારો સુધી સ્પર્ધાત્મક રીતે પહોંચાડવા માટે મજબૂત વ્યવસ્થાની પણ જરૂર છે. આ જ દિશામાં ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા National Cooperative Exports Limited (NCEL) ની સ્થાપના કરવામાં આવી છે. અને તે ભારતની સહકારી સંસ્થાઓ અને ખેડૂતોને વૈશ્વિક બજાર સાથે જોડતું એક સશક્ત પ્લેટફોર્મ બન્યું છે. તેનો મુખ્ય હેતુ સહકારી ક્ષેત્ર દ્વારા ઉત્પાદિત કૃષિ અને અન્ય ઉત્પાદનોની નિકાસ વધારી ખેડૂતોની આવકમાં વધારો કરવો તથા ભારતીય સહકારી બ્રાન્ડને વિશ્વસ્તરે ઓળખ અપાવવાનો છે. આજે એનસીઈએલ માત્ર એક નિકાસ સંસ્થા નથી, પરંતુ દેશની લાખો સહકારી સંસ્થાઓ અને કરોડો ખેડૂતોને વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડતું એક સશક્ત માધ્યમ બની રહ્યું છે.

**ડૉ.વી. એમ. ચૌધરી,**
કન્સલટન્ટ-સહકારી શિક્ષણ,
ગુજરાત રાજ્ય સહકારી સંઘ,
અમદાવાદ

### રાષ્ટ્રીય સહકારી નિકાસ લિમિટેડ (NCEL) શું છે?

ભારતના સહકારી ક્ષેત્રના અને ખેડૂતોના ઉત્પાદનોની વિદેશોમાં નિકાસ (Export) કરવા અને સહકારી ઉત્પાદનો માટે સામૂહિક સહકારી બ્રાન્ડિંગને પ્રોત્સાહન આપી વૈશ્વિક ઓળખ અપાવવા રાષ્ટ્રીય સહકારી નિકાસ લિમિટેડ (NCEL)ની સ્થાપના મલ્ટી સ્ટેટ કો-ઓપેરેટિવ સોસાયટીઝ એક્ટ, ૨૦૦૨ હેઠળ જાન્યુઆરી, ૨૦૨૩માં કરવામાં આવી હતી. સહકાર મંત્રાલયની પહેલ હેઠળ રચાયેલી ત્રણ નવી રાષ્ટ્રીય મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થાઓમાં NCEL એક મહત્વપૂર્ણ સંસ્થા છે. NCEL સહકારી ક્ષેત્રને પરિવર્તિત કરવા, નિકાસ વધારવા, ખેડૂતોની આવક વધારવા અને ભારતીય કૃષિ માટે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરવા કામ કરી રહ્યું છે.

ગુજરાતની AMUL (GCMMF) ઉપરાંત IFFCO, KRIBHCO, NAFED અને NCDC આ દેશની ૫ અગ્રણી સહકારી સંસ્થાઓએ મળીને ખેડૂતો અને સહકારી ક્ષેત્ર માટે વૈશ્વિક નિકાસનું એક મજબૂત માળખું ઊભું કર્યું છે. આ સહકારી સંસ્થાનું મુખ્ય મથક અને રજિસ્ટર્ડ ઓફિસ નવી દિલ્હીમાં આવેલી છે.

**ખેડૂતોને NCELથી શું ફાયદો થશે?.**

સ્થાનિક બજારમાં વધુ ઉત્પાદન થવાના સમયે વિદેશી બજારોમાં વેચાણ કરી વધુ ઊંચા ભાવો મળશે. આવકમાંથી ભાવ વધારા કે બોનસ સ્વરૂપે ભાગીદારી મળશે. આ રાષ્ટ્રીય સહકારી મંડળીને થતા ચોખ્ખા નફામાંથી સભ્યોને ડિવિડન્ડ રૂપે વળતર મળશે. વચેટિયાઓ કે દલાલો વગર જ આપણો માલ સીધો વિદેશી ખરીદદારો સુધી પહોંચશે. મધ્યસ્થીઓ પરની નિર્ભરતામાંથી મુક્તિ મળશે. ખેત ઉપજનું પ્રોસેસિંગ થવાથી મૂલ્ય વર્ધન - (વેલ્યુ એડિશન) થકી ખેડૂતોને થતા ખેતી ખર્ચ સામે નિકાસ દ્વારા ચોખ્ખી આવકમાં વધારો થશે. પરંતુ તે માટે ખેડૂતોએ પોતાના ગામની દૂધ મંડળી, સેવા સહકારી મંડળી કે લેણદેણ મંડળીના માધ્યમથી જ પોતાનો માલ વેચાણ માટે આપવાનો રહેશે.

**કઈ-કઈ વસ્તુઓની નિકાસ થઈ શકે?**

**અનાજ અને કઠોળ :**

ચોખા (બાસમતી અને નોન-બાસમતી), ઘઉં, બાજરી અને જુવાર, કપાસ, મગફળી (માંડવી) વિગેરે કૃષિ ઉત્પાદનો.

**મસાલા :**

જીરું, વરિયાળી, હળદર, મરચું વગેરે.

**ડેરી અને ઓર્ગેનિક ઉત્પાદનો :**

દૂધની બનાવટો અને પ્રમાણિત કુદરતી-ઓર્ગેનિક પાકો.

**બાગાયતી પાકો :**

તાજા ફળો (જેમ કે કેરી, કેળા) અને શાકભાજી.

**અન્ય વસ્તુઓ જેવી કે :**

કાપડ, હેન્ડલૂમ, હસ્તકલાની વસ્તુઓ, ચાઇ પત્તી-ખાંડ, ખાતર, દરિયાઈ પેદાશો વિ.

**સહકારી મંડળીઓને NCEL નીચે મુજબની મદદ કરશે.**

**ગુણવત્તા અને પેકેજિંગઃ**

આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ ગ્રેડિંગ, બ્રાન્ડિંગ અને આકર્ષક પેકેજિંગમાં સહાય કરશે.

**સરકારી મંજૂરીઓ :**

વિદેશ મોકલવા માટે જરૂરી નિકાસ સર્ટિફિકેટ અને કાયદાકીય કાગળો તૈયાર કરી આપવા મદદરૂપ થશે. એટલે કે દસ્તાવેજીકરણ અને લોંજિસ્ટીક સપોર્ટ આપશે.

**નાણાકીય સહાય :**

નિકાસના વ્યવસાય માટે લોન કે ફંડિંગ મેળવવામાં માર્ગદર્શન આપશે.

**બજાર સંશોધન (Market Intelligence) :**

કયા દેશમાં કઈ વસ્તુની વધુ માંગ છે તેની સચોટ માહિતી મેળવી - વૈશ્વિક માંગની જાણકારી આપશે.

**આર્થિક લાભ :**

મંડળીએ ખેડૂતો પાસેથી ખરીદેલો માલ વિશ્વ કક્ષાએ વેચાણ કરી તેની મહત્તમ કિંમત ઉપજાવી ભાવ વધારાનો આર્થિક લાભ આપશે.

**NCEL ની અત્યાર સુધીની સફળતા (Success Highlights)**

**વિશાળ નેટવર્ક :**

દેશની ૧૨,૦૦૦ થી વધુ સહકારી મંડળીઓ આની સાથે જોડાઈ ચૂકી છે. (જેમાં હજારો PACS સામેલ છે).

**વૈશ્વિક પહોંચ :**

અત્યાર સુધીમાં ૩૬ થી વધુ ચીજવસ્તુઓ વિશ્વના ૨૮ થી વધુ દેશોમાં સફળતાપૂર્વક નિકાસ કરવામાં આવી છે.

**વેપાર ક્ષમતા :**

હજારો કરોડ રૂપિયાનું ટર્નઓવર મેળવી સભ્યોને ૨૦% જેટલું ઉત્કૃષ્ટ ડિવિડન્ડ પણ ચૂકવવામાં આવ્યું છે.

**NCELની મુખ્ય કાર્યસિદ્ધિઓ**

વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા.૪૨૮૩ કરોડનું વાર્ષિક ટર્નઓવર કરેલ છે. રાષ્ટ્રીય સહકારી નિકાસ લિમિટેડ એ તેની રચના પછી અત્યાર સુધી કુલ રૂા. ૬૦૯૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર કરેલ છે. ૧૫.૦૬ લાખ મેટ્રિક ટનનો માલ નિકાસ કરેલ છે. માર્ચ ૨૦૨૫ સુધીમાં કુલ ૧૨૧૧૪ સભાસદો નોંધાયા છે. તે પૈકી સૌથી વધુ ૫૬૦૦ સભાસદો ગુજરાતના છે. જૂન ૨૦૨૬ સુધીમાં ૧૭૭૨૯ સહકારી સંસ્થાઓની સભ્યપદ માટે અરજી મળેલ છે. કુલ સભાસદો પૈકી ૫ મુખ્ય પ્રમોટર્સ છે. ૧૧ રાજ્ય કક્ષાની સહકારી સંસ્થા, ૧૧ મલ્ટી સ્ટેટ સહકારી સંસ્થા, ૨૫૪ પ્રાથમિક - રાજ્ય કક્ષા સિવાયની સહકારી સંસ્થા અને ૧૧૮૩૩ પ્રાથમિક કક્ષાની સહકારી મંડળીઓએ સભ્ય પદ મેળવેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં

રૂા.૧૬૭ કરોડનો કાચો નફો અને રૂા.૧૨૪ કરોડનો ચોખ્ખો નફો કરેલ છે. NCEL નું ઓથોરાઈઝડ શેર કેપિટલ (અધિકૃત શેર મૂડી) રૂા. ૨૦૦૦ કરોડ નક્કી થયેલું છે. અત્યાર સુધી રૂા. ૫૮૧ કરોડ શેર મૂડી જમા આવી ગયેલ છે. ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના વર્ષમાં સભ્યોને ૨૦% ડિવિડન્ડ ચૂકવવામાં આવેલ છે.

**NCELના શેર ભંડોળની વિગતો**
**(Share Capital Details)**

રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ. ના દરેક ૧ શેરની મૂળ કિંમત ₹ ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવી છે. દરેક મંડળી દીઠ એડમિશન ફી (Admission Fee) માત્ર ₹ ૫૦૦ (એક જ વાર ચૂકવવાની વન-ટાઈમ ફી) નક્કી કરવામાં આવેલ છે. શેરના નાણાં એક જ હપ્તામાં પૂરેપૂરા (Full Payment) ચૂકવવાના હોય છે. AMUL, IFFCO, KRIBHCO, NAFED અને NCDC આ પાંચેય મુખ્ય પ્રમોટર્સ એ શરૂઆતમાં રૂા. ૧૦૦-૧૦૦ કરોડનું રોકાણ કર્યું છે.

**NCELનુ સભ્ય પદ મેળવવા મંડળીઓના પ્રકાર મુજબ જરૂરી શેર અને શેરની રકમ**

રાષ્ટ્રીય સહકારી સંસ્થા લિ.નું સભ્ય પદ મેળવવા સહકારી સંસ્થાઓએ તેમના સ્તર (Level) પ્રમાણે શેર ખરીદવા ફરજિયાત છે. ગામડાની પ્રાથમિક મંડળીઓ (PACS / દૂધ મંડળી)એ ઓછામાં ઓછો ૧ શેર ખરીદી ₹ ૧૦,૦૦૦ તથા ₹ ૫૦૦ ફી ભરી સભ્ય બની શકે છે. તાલુકા/જિલ્લા કક્ષાની અન્ય મંડળીઓએ ઓછામાં ઓછા ૧૦ શેર ખરીદી ₹ ૧,૦૦,૦૦૦ ભરવા પડે છે. મલ્ટી-સ્ટેટ સહકારી મંડળીઓએ ઓછામાં ઓછા ૫૦૦ શેર એટલે કે ₹ ૫૦ લાખ ભરી સભ્ય પદ મેળવી શકે છે. રાજ્ય કક્ષાની એપેક્સ (Apex) મંડળીઓ/ સંસ્થાઓએ ઓછામાં ઓછા ૧,૦૦૦ શેર ખરીદી ₹ ૧ કરોડ ભરી સભ્ય પદ મેળવી શકે છે.

**NCELના સભ્ય કેવી રીતે બનવું?**

ખેડૂતો વ્યક્તિગત સીધા સભ્ય બની શકતા નથી. ગામડાની દૂધ મંડળી, સેવા સહકારી મંડળી (PACS), APMC માર્કેટ યાર્ડ અથવા જિલ્લા-રાજ્ય સ્તરની નોંધાયેલ કોઈપણ સહકારી સંસ્થાઓ સભ્ય પદ મેળવવા અરજી કરી શકે છે. રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ.ની સત્તાવાર વેબસાઈટ ncel.coop પર જઈને ઓનલાઇન અરજી કરવાની હોય છે. જરૂરી દસ્તાવેજો અને શેર મૂડી જમા કરાવી સભ્યપદ મેળવી શકાય છે.

**NCELનું ઓનલાઈન સભ્યપદ મેળવવાની પ્રક્રિયા**

સભ્ય બનવા માટે નીચે મુજબના સરળ સ્ટેપ્સ અનુસરવા.

**પોર્ટલ વિઝિટ :**

સૌથી પહેલા NCEL ના સત્તાવાર પોર્ટલ પર જવું.

**મોબાઈલ વેરિફિકેશન :**

સંસ્થાના પ્રતિનિધિનો મોબાઈલ નંબર દાખલ કરી OTP વેરિફિકેશન કરવું.

**ફોર્મ સબમિશન :**

મંડળીની મૂળભૂત વિગતો, બેંક ખાતાની માહિતી ઓનલાઇન ફોર્મમાં ભરવી.

**દસ્તાવેજો અપલોડ :**

જરૂરી કાગળો અને ફી ટ્રાન્સફર (UTR નંબર) ની વિગતો અપલોડ કરવી.

**અરજીની ચકાસણી:**

બાય-લોઝ (Byelaws) મુજબ, અરજી સબમિટ થયા પછી ૪ મહિનાની અંદર સભ્યપદ મંજૂરી અંગે રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ. દ્વારા નિર્ણય લેવામાં આવે છે.

**NCELની સત્તાવાર લિંક્સ અને સંપર્ક**

ડાયરેક્ટ ઓનલાઈન અરજી કરવા અને માહિતી ડાઉનલોડ કરવા માટેની લિંક્સઃ

વેબસાઈટ : www.ncel.coop

ઈ મેઈલ : exports@ncel.coop

**ઓનલાઈન રજિસ્ટ્રેશન લિંક :**

**NCEL સભ્યપદ સાઈન-અપ કરવા :**

app.ncel.in. કોઈપણ પ્રશ્ન કે પૂછપરછ માટે સત્તાવાર ઈમેઈલ : headcoop@ncel.coop પર સંપર્ક કરવો.

**દસ્તાવેજ અને ચેકલિસ્ટ લિંક :**

સત્તાવાર ફોર્મ અને ચેકલિસ્ટ, લિન્ક ઉપરથી ડાઉનલોડ કરી શકાય છે. આ ઉપરાંત વધુ માહિતી માટે NCEL ના વિવિધ YOU TUBE VIDEO જોઈ શકે છે. દા.ત. : https://www.youtube.com/watch?v=Yi7RxlHp5Ak

**NCEL સાથે જોડાવા માટે જરૂરી દસ્તાવેજો**

મંડળીઓએ ઓનલાઈન કે ઓફલાઈન અરજી કરતી વખતે સાથે રાખવાના કાગળોઃ

**બોર્ડનો ઠરાવ (Board Resolution):**

NCEL ના સભ્ય બનવા માટે મંડળીની કમિટીએ કરેલો સત્તાવાર ઠરાવ.

**નોંધણી પ્રમાણપત્ર :**

મંડળીનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (Registration Certificate).

**મંડળીના નાણાકીય દસ્તાવેજો :**

મંડળીનું PAN કાર્ડ અને જો ઉપલબ્ધ હોય તો GST નંબર.

**બેંકની વિગતો :**

બેંક વેરિફિકેશન માટે કેન્સલ ચેક (Cancelled Cheque) અથવા બેંક સ્ટેટમેન્ટ.

**શેર/ફી ચુકવણીનો પુરાવોઃ**

શેરના નાણાં અને ફી ટ્રાન્સફર કર્યાની બેંક રસીદ કે ડિમાન્ડ ડ્રાફ્ટ.

**રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ. સાથે જોડાવાના વિશિષ્ટ લાભોઃ**

**સરકારી યોજનાઓનો લાભ :**

NCEL સાથે જોડાવાથી ભારત સરકારના વિદેશ વ્યાપાર મંત્રાલયની તમામ નિકાસ યોજનાઓ, સબસિડી અને પ્રોત્સાહનોનો સીધો લાભ મંડળીઓને મળે છે.

**આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે રક્ષણ :**

નાના પાયાની મંડળીઓને વિદેશી બજારના મોટા કમિશનો, અયોગ્ય હરીફાઈ અને આંતરરાષ્ટ્રીય નિયમોની અટપટી પ્રક્રિયાઓ સામે રાષ્ટ્રીય સહકારી નિકાસ લિ. રક્ષણ પૂરું પાડે છે.

**નિકાસના અન્ય ક્ષેત્રો :**

માત્ર ખેતી પાકો જ નહીં, પરંતુ ભવિષ્યમાં સહકારી સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત સેવાઓ (Services) અને અન્ય હસ્તકલા વસ્તુઓની પણ નિકાસ આ માધ્યમથી વધારવામાં આવનાર છે.

**સારાંશઃ**

ભારતના સહકારી આંદોલન માટે NCEL એક ઐતિહાસિક પહેલ છે. ખેડૂતો, પ્રાથમિક સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ અને અન્ય સહકારી સંસ્થાઓને વૈશ્વિક બજાર સાથે સીધા જોડીને તે માત્ર નિકાસ વધારવાનું જ નહીં પરંતુ ખેડૂતોની આવકમાં વધારો, સહકારી સંસ્થાઓની આર્થિક મજબૂતી અને ‘‘સહકારથી સમૃદ્ધિ’’ના ધ્યેયને પણ સાકાર કરી રહ્યું છે.

આવનારા સમયમાં NCEL ભારતીય સહકારી ક્ષેત્રને વિશ્વના નિકાસ નકશા પર વધુ મજબૂત સ્થાન અપાવશે તેવી પૂરી આશા છે. જો ગામડાની નાની સહકારી મંડળીઓ આ તકનો સક્રિય લાભ લેશે તો ‘‘ગામનું ઉત્પાદન - વિશ્વનું બજાર’’ એ માત્ર સૂત્ર નહીં પરંતુ વાસ્તવિકતા બની રહેશે.

સફળગાથા

# સહકારી દૂધ મંડળીઓની સાફલ્યગાથા : "અમૂલ પેટર્ન"

## ત્રિભુવનદાસ પટેલ જેવા વટવૃક્ષ સમાન મહાનુભાવ સાથે રહીને આણંદને વિશ્વના નકશા પર મૂકનાર ડો. કુરિયન આણંદમાં આવ્યા એ એક ઐતિહાસિક ઘટના છે

વિદેશમાં શિક્ષિત થઈને આવેલા યુવાન વર્ગીસ કુરિયન ભારત સરકારના મંત્રાલયમાં નોકરીની પૂછપરછ માટે જાય છે. ભારત સરકારની શિષ્યવૃત્તિ મેળવીને વિદેશમાં ડેરી એન્જિનિયરીંગ ભણીને આવેલા કુરિયન માટે સરકારની નોકરી અનિવાર્ય હતી. મંત્રાલયના ઉપસચિવ કુરિયનને કહે છેઃ "તમારે આણંદ જવાનું છે." આણંદ વિશેની કોઈપણ પ્રકારની જાણકારી ન ધરાવનાર યુવાન કુરિયન કહે છેઃ "આણંદ ક્યાં છે?" અન્ડર સેક્રેટરી કહે છેઃ "મુંબઈ આસપાસ કોઈ જગાએ!" અને ત્યારબાદ મિશિગન સ્ટેઈટ યુનિવર્સિટીમાં ભણેલા કેરાલા રાજ્યના આ યુવાન destinyના કારણે તે સમયના ધુળિયા નગર આણંદમાં ૧૯૪૯માં પ હોંચે છે. વિધિનો આ અસાધારણ યોગાનુયોગ હશે. ત્રિભુવનદાસ પટેલ જેવા વટવૃક્ષ સમાન વ્યક્તિત્વ ધરાવતા મહાનુભાવ સાથે રહીને આણંદને વિશ્વના નકશા પર મૂકનાર કુરિયન આ રીતે આણંદમાં આવી ચડ્યા તે એક ઐતિહાસિક ઘટના છે. દેશનાં અન્ય રાજ્યો તેમજ વિશ્વના અનેક દેશોએ "આણંદ પેટર્ન" નો અભ્યાસ કર્યો તથા તેનું અનુકરણ કર્યું. દૂધ ઉત્પાદકોના આર્થિક કલ્યાણ માટે સહકારી ધોરણે હાથ ધરવામાં આવેલી દૂધ તથા દૂધમાંથી બનેલી વિવિધ વાનગીઓના વેપાર માટેની યોજનાઓ તથા તેનો વિકાસ ગુજરાતની એક નવી ઓળખ બની રહી. ગુજરાતને તેમજ સમગ્ર દેશને ગૌરવ અપાવી શકે તેવી આ પ્રભાવશાળી ઘટના આપણા આર્થિક વિકાસના ઈતિહાસનું ઉજ્જવળ પ્રકરણ છે. ગુજરાત તેના મજબૂત પંચાયત રાજ્યના માળખા માટે તેમજ સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે દેશનું અગ્રણી રાજ્ય ગણાય છે. સહકારી પ્રવૃત્તિના માળખામાં દૂધ સહકારી મંડળીઓનો વિકાસ એ નોંધપાત્ર અને સફળ પ્રયોગ ગણાય છે. સહકારી પ્રવૃત્તિના વિવિધ સ્વરૂપો તરફ નજર

**વી.એસ. ગઢવી**
ગાંધીનગર

કરીએ ત્યારે અલગ અલગ ક્ષેત્રમાં ત્રિભુવનદાસ પટેલ, વૈકુંઠભાઈ મહેતા, પ્રમોદભાઈ દેસાઈ, જયરામભાઈ પટેલ તથા વલ્લભભાઈ પટેલ (રાજકોટ) જેવાં યશસ્વી નામો નજર સમક્ષ તરવરે છે. શહેરી બેન્કોમાં અરવિંદભાઈ મણિયાર (રાજકોટ) તેમજ વિઠ્ઠલભાઈ પટેલ (દહેગામ) અને બળદેવભાઈ પટેલ (અમદાવાદ) જેવા અનેક સમર્પિત લોકોએ પોતાની દીર્ઘદષ્ટિથી પાયાનું યોગદાન આપેલું છે.

આજે પણ એ બાબતનો ઉલ્લેખ અવારનવાર કરવામાં આવે છે કે ખેત પેદાશોનું પોષણક્ષમ વળતર ખેત ઉત્પાદકોને મળતું નથી. બીજા છેડે ગ્રાહકને પણ વાજબી કિંમતથી વિવિધ પ્રકારની ખેતપેદાશો મળતી નથી. બટાકાના વિપુલ ઉત્પાદન પછી ઉત્તર ગુજરાતના તેના ઉત્પાદકો પોતાની તમામ મહેનતથી પેદા કરવામાં આવેલા બટાકાનો ઓછી કિંમતે ફરજિયાત નિકાલ (Distress sell) કરવો પડે છે. આ બાબતના અહેવાલો પણ અવારનવાર પ્રસિદ્ધ થતા રહે છે. સૌરાષ્ટ્ર તથા કચ્છના અનેક કપાસ ઉત્પાદકોની પણ આવી જ ફરિયાદ રહે છે. કપાસનું સારું ઉત્પાદન થાય પરંતુ તેના વાજબી ભાવ ખેડૂતોને ન મળે તો ખેડૂત ઠેરનો ઠેર રહે છે. સનતભાઈ મહેતા આ પ્રશ્નના તલસ્પર્શી અભ્યાસુ હતા. તેઓ આ વિપુલ ઉત્પાદનની સ્થિતિને problems of plenty તરીકે ઓળખાવતા હતા. સનતભાઈ ઉત્પાદકોનું હિત જળવાય તે માટે આજીવન સક્રિય રહ્યા હતા. ડૉ.કુરિયન તથા ત્રિભુવનદાસ પટેલની જોડીએ દૂધ ઉત્પાદકોની સરખા પ્રકારની જ સમસ્યા સમજીને તેના નિવારણ માટે એક ઠોસ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાનો આયોજનબદ્ધ પ્રયાસ કર્યો. દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ તેમજ સહકારી સંઘો મજબૂત બનીને દૂધ ઉત્પાદકોનું હિત જાળવવાના તમામ પ્રયાસો કરે છે.

સમગ્ર વિશ્વ જેને "મિલ્કમેન ઓફ ઈન્ડિયા" તરીકે ઓળખે છે તથા સન્માને છે તેવા ડૉ. કુરિયન સહકારી પ્રવૃત્તિમાં વહીવટી તેમજ તાંત્રિક સંચાલકોની કુશળ કેડરનું પ્રતિનિધિત્વ કરે છે. "હું ભારતના ખેડૂતોનો સેવક છું." તેવું ડૉ. કુરિયનનું વિધાન યથાર્થ છે. ડૉ. કુરિયને જોયેલું અને ભૂમિગત કરેલું operation floodનું સ્વપ્ન વિશ્વના ખેતવિકાસ માટેની યોજનાઓમાં ટોચની યોજના ગણાય છે. આ મહત્વાકાંક્ષી યોજના થકી જ દેશના દૂધ ઉત્પાદકોને White rev olutionનો

અનુભવ થયો. લાખો દૂધ ઉત્પાદકોનો વિશ્વાસ સહકારી પ્રવૃત્તિમાં સ્થિર થયો. લાખો દૂધ ઉત્પાદકો જ સમગ્ર પ્રવૃત્તિનું ચાલકબળ બની રહ્યા, પદ્મવિભૂષણ જેવાં અનેક સન્માનો ડૉ. કુરિયનને મળ્યાં, પરંતુ તેઓ જે દૂધ ઉત્પાદકોના સ્નેહ તથા વિશ્વાસનું સંપાદન કરી શક્યા તે અજોડ છે. ડૉ. કુરિયન કહે છે તેમ તેઓ આણંદ-ગુજરાતમાં રહી ગયા તે ત્રિભુવનદાસ પટેલના આગ્રહ તથા ત્રિભુવનદાસ પટેલની અનોખી પ્રતિભાને આભારી હતું. પરંતુ તેઓ ઉમેરે છે કે તેમણે યુવાનીમાં વર્ષો પહેલાં કરેલો આ નિર્ણય તેમને કદી ઉતાવળિયો કે અનુચિત લાગ્યો નથી. ગામડાઓમાં રોજગારી ઊભી થાય તો શહેરો પરનું દબાણ ઓછું થાય તે બાબતમાં પણ દૂધના વેચાણની આ સુઆયોજિત વ્યવસ્થાએ નમૂનારૂપ કામગીરી કરી છે. દૂધનું સંપાદન અને તેની પ્રક્રિયાએ પડકારરૂપ કામ છે. વર્ષના ૩૬૫ દિવસ અને દરેક દિવસે બે વખત દૂધ એકઠું કરી તેને નિર્ધારીત સ્થળે સમયસર પહોંચાડવાનું કામ કેટલા બધા વિસ્તૃત આયોજન પછી જ થઈ શકે છે. છૂટા છવાયા કોઈક બનાવોને બાદ કરતાં મહદ્અંશે આ સમગ્ર વ્યવસ્થા ટકી રહી તથા મજબૂત બની તેની પાછળ દૂધ ઉત્પાદકોની જાગૃતિ તથા ત્રિભુવનદાસ પટેલ તેમજ મોતીભાઈ ચૌધરી (મહેસાણા) જેવા સમર્પિત આગેવાનોનો નિરંતર પરિશ્રમ છે. કુરિયન આ સમગ્ર આયોજનમાં ''પ્રોફેશનલિઝમ''નું મહત્વ પ્રસ્થાપિત કરી શક્યા અને વિકસાવી શક્યા તે તેમની અનોખી સૂઝ તથા શક્તિનું દર્શન કરાવે છે. પંડિત નહેરૂ તથા લાલબહાદુર શાસ્ત્રીનો વિશ્વાસ સંપાદન કરીને કુરિયન ભારત સરકાર પાસે દૂધ ઉત્પાદકોના હિતના મહત્વના નિર્ણયો કરાવી શક્યા હતા. ત્રિભુવનદાસ પટેલ ડૉ. કુરિયનને મળ્યા તે સૌથી વિશેષ સુયોગ થયો હતા. પેસ્તનજી તથા પોલસનની પક્કડમાંથી દૂધ ઉત્પાદકોને મુક્ત કરવાની ઘટના એ દેશના સમગ્ર આર્થિક વિકાસમાં અતિ મહત્વની ઘટના છે. અમૂલ તથા દૂધસાગર જેવા સક્ષમ દૂધ સંઘોનો વિજયધ્વજ ખેડૂતોની મૂંગી તથા મજબૂત શક્તિના જોરે ફરકાવી શકાયો હતો. સફર શરૂ કર્યા પછી અનેક આકરા ચઢાણ પણ આ પ્રવૃત્તિ પોતાના આંતરિક બળે સફળતાથી કરી શકી છે. એકવાર સઢ ભરીને સફરનો આરંભ કરનાર હોડી ક્યાં પાછું વળીને કદી જૂએ છે ! કવિ ઉમાશંકર જોશીના શબ્દો યાદ આવે છેઃ

એકવાર શઢ ભર્યા, ફૂલ્યા
ને વાયરા ખૂલ્યા
કે હોડીને દૂર શું? નજીક શું?
કદી ઝંઝાને વીજળે રમતી તૂફાને ભમંતી
કે હોડીને દૂર શું? નજીક શું?

આપણા દેશમાં તેમજ વિશ્વના પણ અન્ય કેટલાક દેશોમાં સહકારી ધોરણ મુજબ વિકાસ પામેલી "અમૂલ પેટર્ન" નો અભ્યાસ થયો. અનેક સ્થળોએ દૂધ ઉત્પાદકોના આર્થિક કલ્યાણ માટે આ પેટર્નનું અનુકરણ પણ કરવામાં આવ્યું. ગામડાઓના તથા ખેડૂતોના વિકાસ માટે જે આવશ્યક હોય તેવા કાર્યો કરી શકે તેવા સક્ષમ મેનેજરો તૈયાર કરવા માટે ઈરમાની સ્થાપના આણંદમાં કરવામાં આવી, ડૉ. કુરિયનની સ્મૃતિને ચિરંજીવી બનાવતી આ બધી સંસ્થાઓ છે. 'અમૂલ' ગુજરાતની એક વિશિષ્ટ ઓળખ બની રહી. આણંદ વિશ્વના નકશા ઉપર ગૌરવભેર મૂકાયું. ડૉ. વર્ગીસ કુરિયનની સ્મૃતિ અનેક દૂધ ઉત્પાદકોના હૈયે હજુ પણ તરોતાજા રહેલી છે.

(નવગુજરાત સમય
તા.૧૯,જૂન ૨૦૨૬માંથી સાભાર)

***ત્રિભુવનદાસ પટેલ જેવા વટવૃક્ષ સમાન વ્યક્તિત્વ ધરાવતા મહાનુભાવ સાથે રહીને આણંદને વિશ્વના નકશા પર મૂકનાર કુરિયન આ રીતે આણંદમાં આવી ચડ્યા તે એક ઐતિહાસિક ઘટના છે. દેશનાં અન્ય રાજ્યો તેમજ વિશ્વના અનેક દેશોએ "આણંદ પેટર્ન" નો અભ્યાસ કર્યો તથા તેનું અનુકરણ કર્યું. દૂધ ઉત્પાદકોના આર્થિક કલ્યાણ માટે સહકારી ધોરણે હાથ ધરવામાં આવેલી દૂધ તથા દૂધમાંથી બનેલી વિવિધ વાનગીઓના વેપાર માટેની યોજનાઓ તથા તેનો વિકાસ ગુજરાતની એક નવી ઓળખ બની રહી. ગુજરાતને તેમજ સમગ્ર દેશને ગૌરવ અપાવી શકે તેવી આ પ્રભાવશાળી ઘટના આપણા આર્થિક વિકાસના ઈતિહાસનું ઉજ્જવળ પ્રકરણ છે.***

દિન વિશેષ

# આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન (ICU) દિવસ - ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬

# સહકારી નાણાકીય વ્યવસ્થાઃ અનિશ્ચિતતાભર્યા વિશ્વમાં સ્થિરતાનો વિશ્વસનીય સંકેત

આજના વૈશ્વિક અર્થતંત્રમાં આર્થિક અનિશ્ચિતતા, મોંઘવારી, બજારમાં સતત થતા ફેરફારો અને ટેક્નોલોજીના ઝડપી વિકાસ અને રોજગારની બદલાતી ઝડપી પરિસ્થિતિઓને કારણે સામાન્ય નાગરિક માટે નાણાકીય સુરક્ષા જાળવવી એક મોટો પડકાર બની ગઈ છે. આવી પરિસ્થિતિમાં સહકારી નાણાકીય વ્યવસ્થા (Cooperative Finance) એક વિશ્વસનીય, પારદર્શક અને લોકોના હિતને કેન્દ્રમાં રાખતી વ્યવસ્થા તરીકે ઉભરી આવી છે. સહકારના સિદ્ધાંતો પર આધારિત આ મોડેલ માત્ર નાણાકીય સેવાઓ જ પૂરી પાડતું નથી, પરંતુ સામાજિક વિકાસ, આર્થિક સમાનતા અને સ્થાનિક સ્વાવલંબનને પણ પ્રોત્સાહન આપી વ્યક્તિ, પરિવાર, ખેડૂત, નાના ઉદ્યોગકાર અને સ્થાનિક સમુદાયને આર્થિક રીતે સ્થિર અને સક્ષમ બનાવે છે.

**ડૉ. કિશોર જી. સાધુ**
પ્રકાશન અધિકારી
ગુજરાત રાજ્ય સહકારી સંઘ,
અમદાવાદ

સહકારી નાણાકીય સંસ્થાઓનું મુખ્ય લક્ષણ એ છે કે તેના માલિકી હક તેના સભ્યો પાસે હોય છે. સભ્યો જ ગ્રાહક, માલિક અને નિર્ણયકર્તા હોય છે. તેથી આ સંસ્થાઓનો મુખ્ય હેતુ વધુ નફો કમાવાનો નહીં, પરંતુ સભ્યોને ગુણવત્તાસભર અને સસ્તી નાણાકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હોય છે. આ વિશેષતા તેમને પરંપરાગત વ્યાપારી બેંકો કરતાં અલગ બનાવે છે. આ પરિસ્થિતિમાં સહકારી નાણાકીય વ્યવસ્થા એક અલગ અને વિશ્વસનીય મોડેલ તરીકે સામે આવે છે. તેનું કેન્દ્રબિંદુ નફો નહીં, પરંતુ સભ્ય છે; મૂડી નહીં, પરંતુ માનવી છે; અને માત્ર વ્યવહાર નહીં, પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

આ સહકારી નાણાકીય વ્યવસ્થા વિશ્વમાં વધુ લોકપ્રિય બને અને તે માટે વર્લ્ડ કાઉન્સિલ ઓફ ક્રેડિટ યુનિયન વિશ્વ કક્ષાએ

કામ કરે છે; જે ક્રેડિટ યુનિયનોનું આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન અને વિકાસ એજન્સી છે. WOCCU વકીલાત (Advocacy), વિકાસ (Development) અને શિક્ષણ (Education)ના માધ્યમથી ક્રેડિટ યુનિયનો તથા અન્ય નાણાકીય સહકારી સંસ્થાઓ દ્વારા લોકોના જીવનમાં સુધારો લાવવાના હેતુથી કાર્ય કરે છે. WOCCU સાથે સંકળાયેલા સભ્ય સંગઠનો વિશ્વના ૧૧૮ દેશોમાં ૮૬,૪૫૦થી વધુ ક્રેડિટ યુનિયનોનું પ્રતિનિધિત્વ કરે છે. જેમાં ૩૭.૫ કરોડથી વધુ સભ્યો જોડાયેલા છે. તેના દ્વારા દર વર્ષે આંતરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન (ICU) દિવસઃ-** જેમ દર વર્ષે જુલાઈ માસના પ્રથમ શનિવારના દિવસે આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ ઉજવવામાં આવે છે, તે રીતે આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયનની અપેક્ષ સંખ્યા વર્લ્ડ કાઉન્સિલ ઓફ ક્રેડિટ યુનિયન દ્વારા દર વર્ષે ઓક્ટોબરના ત્રીજા ગુરુવારે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન (ICU) દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૪૮થી શરૂ થયેલી આ પરંપરા આજે ૧૦૦થી વધુ દેશોમાં સહકારી નાણાકીય ચળવળના ઉત્સવ તરીકે ઉજવાય છે. આ દિવસનો હેતુ સહકારી નાણાકીય સંસ્થાઓના યોગદાનને બિરદાવવાનો, સભ્યોમાં જાગૃતિ લાવવાનો અને સમાજમાં સહકારના મૂલ્યોને મજબૂત કરવાનો છે.

**આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિન - ૨૦૨૬ની થીમ "સહકારી નાણાકીય વ્યવસ્થાઃ અનિશ્ચિતતાભર્યા વિશ્વમાં સ્થિરતાનો વિશ્વસનીય સંકેત"** રાખવામાં આવી છે જે આજના વૈશ્વિક સંદર્ભમાં અત્યંત પ્રાસંગિક છે. આ થીમ દર્શાવે છે કે જ્યારે વિશ્વ આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું હોય ત્યારે સહકારી નાણાકીય સંસ્થાઓ પોતાના સભ્યોને વિશ્વાસ, સુરક્ષા અને સ્થિરતાનો આધાર પૂરો પાડે છે. તેને સરળતાથી સમજીએ તો...

**"સહકારી નાણાકીય વ્યવસ્થાઃ**

અનિશ્ચિતતાભર્યા વિશ્વમાં સ્થિરતાનો વિશ્વસનીય સંકેત" માત્ર એક સૂત્ર નથી, પરંતુ આજના સમયની નાણાકીય જરૂરિયાતને વ્યક્ત કરતો વિચાર છે.

**સહકારથી નાણાકીય સ્થિરતા તરફ**

સહકારી નાણાકીય સંસ્થાઓનું સૌથી મોટું બળ તેમની સભ્યકેન્દ્રિત રચના છે.

સભ્ય જ ગ્રાહક છે અને સભ્ય જ માલિક છે. તેથી સંસ્થાના નિર્ણયો અને સેવાઓમાં સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા મળે છે.

સહકારી બેન્કો, ક્રેડિટ યુનિયનો, ક્રેડિટ સોસાયટીઓ અને અન્ય સહકારી નાણાકીય સંસ્થાઓ સ્થાનિક લોકોની બચતને એકત્ર કરીને તેને સ્થાનિક જરૂરિયાતો માટે ધિરાણરૂપે ઉપલબ્ધ કરાવે છે. પરિણામે નાણાંનો પ્રવાહ સ્થાનિક અર્થતંત્રમાં જળવાઈ રહે છે. અને સહકારથી નાણાકીય સ્થિરતા જળવાઈ રહે છે.

આ વ્યવસ્થા ખાસ કરીને નાના ખેડૂત, નાના વેપારી, સ્વરોજગાર ધરાવતા લોકો, મહિલા ઉદ્યોગકારો અને નાના-મધ્યમ ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ છે.

## વિશ્વાસ-સહકારી નાણાકીય વ્યવસ્થાની સૌથી મોટી મૂડી

નાણાકીય વ્યવસ્થામાં વિશ્વાસનું સ્થાન સર્વોચ્ચ છે. બેંકમાં જમા કરાયેલા નાણાં માત્ર નાણાં નથી; તે લોકોની મહેનતની કમાણી, પરિવારની બચત અને ભવિષ્યની આશાઓ છે. સહકારી નાણાકીય સંસ્થાઓમાં સભ્ય અને સંસ્થા વચ્ચેનો સંબંધ માત્ર ગ્રાહક અને સેવા પ્રદાતાનો નથી. તે માલિકી અને જવાબદારીનો સંબંધ છે. સહકારી સંસ્થામાં સભાસદોનો પરસ્પર વિશ્વાસ અને સહકારના આધારે નાણાકીય વ્યવસ્થા ઊભી કરે છે. આ સામાજિક વિશ્વાસની મૂડી સહકારી નાણાકીય વ્યવસ્થાને બજારની અસ્થિરતા વચ્ચે સ્થિરતા આપે છે.

## અનિશ્ચિત સમયમાં સહકારી નાણાંનું મહત્વ

આર્થિક મંદી, કુદરતી આફત, મહામારી કે રોજગારની અનિશ્ચિતતા જેવી પરિસ્થિતિઓમાં સૌથી વધુ અસર નાની આવક ધરાવતા વર્ગ પર થાય છે. આવા સમયે ઔપચારિક નાણાકીય વ્યવસ્થામાં સરળ પ્રવેશ અને યોગ્ય ધિરાણ અત્યંત જરૂરી બને છે. સહકારી નાણાકીય સંસ્થાઓ સ્થાનિક પરિસ્થિતિને નજીકથી સમજે છે. સભ્યની આર્થિક સ્થિતિ, વ્યવસાય, ખેતી અને સ્થાનિક બજારની વાસ્તવિકતાઓ અંગેની સમજના કારણે તેઓ ઘણી વખત વધુ વ્યવહારુ નાણાકીય ઉકેલો આપી શકે છે. સહકારી સંસ્થાઓમાં સહકાર અને પરસ્પર મદદની ભાવના અનિશ્ચિત સમયમાં નાણાકીય આર્થિક સુરક્ષા પૂરી પાડે છે.

**ગ્રામ્ય અર્થતંત્ર અને કૃષિ માટે સહકારી નાણાં**

ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં સહકારી નાણાકીય વ્યવસ્થાની ભૂમિકા વિશેષ મહત્વ ધરાવે છે. ભારતમાં સહકારી ચળવળનો ઈતિહાસ એક સદીથી પણ વધુ જૂનો છે. ખેડૂતને વાવેતર, સિંચાઈ, બિયારણ, ખાતર, કૃષિ સાધનો, પશુપાલન અને અન્ય કૃષિ પ્રવૃત્તિઓ માટે સમયસર ધિરાણની જરૂર પડે છે. ત્યારે સહકારી નાણાકીય સંસ્થાઓ મદદરૂપ બની છે. આજે પણ લાખો ખેડૂતો, મહિલા સ્વસહાય જૂથો, નાના ઉદ્યોગકારો અને મધ્યમ વર્ગના પરિવારો માટે સહકારી નાણાકીય સંસ્થાઓ વિશ્વાસનું પ્રતીક છે. ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ ધિરાણ, બચતને પ્રોત્સાહન અને નાના વેપારીઓને આર્થિક સહાય પહોંચાડવામાં સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

અનિશ્ચિતતાભર્યા સમયમાં સહકારી નાણાકીય વ્યવસ્થાનું મહત્વ વધુ સ્પષ્ટ થાય છે. જ્યારે વૈશ્વિક મંદી, કુદરતી આફતો અથવા અન્ય આર્થિક સંકટો સર્જાય છે, ત્યારે સહકારી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સભ્યોને સહાય કરવાનો પ્રયાસ કરે છે. નફા કરતાં સભ્યોના હિતને પ્રાથમિકતા આપવાને કારણે આ સંસ્થાઓ સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), જિલ્લા કેન્દ્રીય સહકારી બેન્કો (DCCBs) અને રાજ્ય સહકારી બેન્કો (StCBs)નું માળખું ગ્રામ્ય નાણાકીય સમાવેશને મજબૂત બનાવે છે. આ માળખું માત્ર ઋણ આપતું નથી; તે ખેડૂતને સહકારી માર્કેટિંગ, સંગ્રહ, કૃષિ ઈનપુટ, વીમા, ડિજિટલ સેવાઓ અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડવાનું કામ પણ કરે છે. આથી સહકારી નાણાંને ખેડૂતથી બજાર સુધીની સમગ્ર મૂલ્યશૃંખલાના નાણાકીય આધારસ્તંભ તરીકે જોવાની જરૂર છે.

**નાણાકીય સમાવેશમાં સહકારની શક્તિ**

નાણાકીય સમાવેશનો અર્થ માત્ર બેંક ખાતું ખોલાવવું નથી. વ્યક્તિને બચત, ધિરાણ, વીમા, ડિજિટલ ચુકવણી અને અન્ય નાણાકીય સેવાઓ સુધી સુરક્ષિત, સસ્તી અને સરળ પહોંચ મળે તે પણ એટલું જ મહત્વનું છે.

સહકારી સંસ્થાઓ સ્થાનિક સ્તરે કાર્ય કરતી હોવાથી તેઓ એવા લોકો સુધી

પહોંચી શકે છે જેઓ હજુ પણ ઔપચારિક નાણાકીય વ્યવસ્થાથી દૂર છે.

ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓ, નાના ખેડૂત, કારીગરો, માઇક્રો ઉદ્યોગકારો અને નીચી આવક ધરાવતા પરિવારો માટે સહકારી નાણાકીય વ્યવસ્થા આર્થિક સશક્તીકરણનું સાધન બની શકે છે.

**મહિલાઓના આર્થિક સશક્તીકરણમાં સહકારી નાણાં**

મહિલા સહકારી સંસ્થાઓ અને મહિલા આધારિત બચત-ધિરાણ જૂથો નાણાકીય સમાવેશનું સશક્ત માધ્યમ બની શકે છે. નિયમિત બચત, નાના ધિરાણ અને સામૂહિક જવાબદારી દ્વારા મહિલાઓમાં નાણાકીય આત્મવિશ્વાસ વધે છે.

આ પ્રક્રિયા માત્ર પરિવારની આવક વધારતી નથી; તે મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવે છે. તેથી સહકારી નાણાકીય વ્યવસ્થા મહિલા સશક્તીકરણ અને સામાજિક પરિવર્તનનું સાધન પણ બની શકે છે.

**ડિજિટલ યુગમાં સહકારી નાણાં**

આજના સમયમાં ડિજિટલ ટેકનોલોજી નાણાકીય વ્યવસ્થાને ઝડપથી બદલી રહી છે. મોબાઇલ બેન્કિંગ, UPI, ડિજિટલ લોન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડેટા આધારિત સેવાઓથી નાણાકીય વ્યવહાર વધુ ઝડપી અને સરળ બન્યા છે.

**સહકારી ક્ષેત્ર માટે આ પરિવર્તન એક પડકાર પણ છે અને તક પણ.**

સહકારી સંસ્થાઓએ ડિજિટલ ટેકનોલોજી અપનાવવાની સાથે સાયબર સુરક્ષા, ડેટા ગોપનીયતા, ડિજિટલ સાક્ષરતા અને ગ્રાહક સુરક્ષાને પણ પ્રાથમિકતા આપવી પડશે.

ટેકનોલોજીનો હેતુ સહકારી સંબંધને દૂર કરવાનો નહીં, પરંતુ તેને વધુ કાર્યક્ષમ બનાવવાનો હોવો જોઈએ.

**નાણાકીય સાક્ષરતા-સ્થિરતાનો આધાર**

નાણાકીય સમાવેશ સાથે નાણાકીય સાક્ષરતા પણ જરૂરી છે. જન સમુદાયમાં બચત, ધિરાણ, વ્યાજદર, વીમા, પેન્શન, ડિજિટલ છેતરપિંડી અને રોકાણ અંગે યોગ્ય સમજ ન હોય તો નાણાકીય સેવાઓનો લાભ મર્યાદિત રહી શકે છે. સહકારી સંસ્થાઓ સ્થાનિક ભાષામાં નાણાકીય જાગૃતિ કાર્યક્રમો ચલાવી શકે છે. સભ્યોને માત્ર "લોન લેનાર" નહીં પરંતુ જવાબદાર

નાણાકીય નિર્ણયકર્તા બનાવવાનું લક્ષ્ય હોવું જોઈએ. જેથી નાણાકીય સાક્ષરતા સહકારી સંસ્થાની સ્થિરતાનો આધાર બની રહે.

**સહકારી નાણાકીય વ્યવસ્થા અને યુવાનો**

યુવાનો ભારતની અર્થવ્યવસ્થાની નવી શક્તિ છે. સ્ટાર્ટઅપ, ડિજિટલ વ્યવસાય, ગિગ ઈકોનોમી, કૃષિ-ટેકનોલોજી અને નવા ઉદ્યોગ ક્ષેત્રોમાં યુવાનોની ભૂમિકા વધી રહી છે. સહકારી નાણાકીય સંસ્થાઓએ યુવાનો માટે નવીન નાણાકીય ઉત્પાદનો, ઉદ્યોગસાહસિકતા આધારિત ધિરાણ, કૌશલ્ય વિકાસ સાથે જોડાયેલ નાણાકીય સહાય અને ડિજિટલ સેવાઓ વિકસાવવી જોઈએ. અને યુવા ઉદ્યોગ સાહસિકોને સ્ટાર્ટઅપ માટે સહાકીર નાણાકીય વ્યવસ્થા પૂરી પાડવી જોઇએ.

યુવાનોને સહકારી સંસ્થાઓમાં માત્ર સભ્ય નહીં, પરંતુ નવા વિચારોના સહ-નિર્માતા બનાવવાનો સમય આવી ગયો છે.

**સ્થિરતા સામે ઝડપી નફો**

સહકારી નાણાકીય વ્યવસ્થાની વિશેષતા એ છે કે તે ટૂંકા ગાળાના નફા કરતાં લાંબા ગાળાની સભ્ય-સમૃદ્ધિ પર ભાર મૂકે છે.

સહકારી સંસ્થાનું સફળતામાપન માત્ર નફાથી નહીં, પરંતુ-

- કેટલા સભ્યોને નાણાકીય સેવાઓ મળી?
- કેટલા નાના ઉદ્યોગોને ધિરાણ મળ્યું?
- કેટલા ખેડૂતોની આવક વધારવામાં મદદ થઈ?
- કેટલા પરિવારો ઔપચારિક નાણાકીય વ્યવસ્થામાં જોડાયા?
- મહિલાઓ અને યુવાનો કેટલા સશક્ત બન્યા?
- સ્થાનિક અર્થતંત્રમાં કેટલું મૂડીપરિભ્રમણ થયું? આવા પ્રશ્નોના જવાબોથી સહકારી સંસ્થાની સફળતા નક્કી થવી જોઈએ.

આ દૃષ્ટિ સહકારી નાણાંને સમાવેશી અને ટકાઉ વિકાસના નાણાકીય સાધનમાં પરિવર્તિત કરે છે.

**સહકારી નાણાકીય વ્યવસ્થાના પડકારો**

સહકારી નાણાકીય ક્ષેત્ર સામે પડકારો પણ ઓછા નથી. ટેકનોલોજી અપગ્રેડેશન, સાયબર સુરક્ષા, વ્યાવસાયિક સંચાલન, પારદર્શિતા, ગવર્નન્સ, જોખમ વ્યવસ્થાપન, મૂડી મજબૂતી અને નવી પેઢીને જોડવી-આ બધા મુદ્દા મહત્વના છે.

સહકારી સંસ્થાઓએ હવે પરંપરાગત કાર્યપદ્ધતિથી આગળ વધીને વ્યાવસાયિકતા અને સહકારના મૂલ્યોનું સંતુલન જાળવવું પડશે.

"સહકારી" હોવું અને "વ્યાવસાયિક રીતે કાર્યક્ષમ" હોવું-આ બંને એકબીજાના વિરોધી નથી. હકીકતમાં બંનેનું સંયોજન જ ભવિષ્યની મજબૂત સહકારી નાણાકીય વ્યવસ્થાનું નિર્માણ કરશે.

**ઉપસંહાર**

વિશ્વમાં જ્યારે આર્થિક અને નાણાકીય અનિશ્ચિતતા વધી રહી છે, ત્યારે સમાજને એવી નાણાકીય વ્યવસ્થાની જરૂર છે જે માત્ર બજારના સંકેતોને અનુસરે નહીં, પરંતુ લોકોની વાસ્તવિક જરૂરિયાતોને સમજે આવી નાણાકીય વ્યવસ્થા સહકારી ક્ષેત્ર છે.

ડિજિટલ યુગમાં સહકારી નાણાકીય સંસ્થાઓ પણ આધુનિક ટેક્નોલોજી અપનાવી રહી છે. મોબાઈલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, યુપીઆઈ (UPI), ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન સેવાઓ દ્વારા ગ્રાહકોને વધુ સરળ અને ઝડપી સેવાઓ મળી રહી છે. ટેક્નોલોજીનો ઉપયોગ વધવાથી પારદર્શિતા, કાર્યક્ષમતા અને સભ્યોનો વિશ્વાસ પણ વધે છે. ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા સહકારી ક્ષેત્રને વધુ સક્ષમ બનાવવા માટે વિવિધ સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. ડિજિટલ પરિવર્તન, નિયમનાત્મક સુધારા અને નાણાકીય સાક્ષરતા જેવા પ્રયાસો સહકારી ક્ષેત્રને નવી દિશા આપી રહ્યા છે.

અંતમાં કહી શકાય કે સહકારી નાણાકીય વ્યવસ્થા માત્ર એક બેંકિંગ મોડેલ નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ, સહયોગ અને સામાજિક ન્યાય પર આધારિત વિકાસની વિચારધારા છે. અનિશ્ચિતતા અને સ્પર્ધાના આ યુગમાં તે સામાન્ય નાગરિક માટે સ્થિરતા, સુરક્ષા અને વિશ્વાસનો વિશ્વસનીય સંકેત બની રહી છે. સહકારી નાણાકીય સંસ્થામાં વહીવટી પારદર્શિતા, સુશાસન અને ટેક્નોલોજીનો યોગ્ય સમન્વય કરવામાં આવે અને સહકારી નાણાકીય વ્યવસ્થા ભવિષ્યમાં વધુ સશક્ત બનાવીને સર્વસમાવેશક આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે તો આંતરરાષ્ટ્રીય ક્રેડિટ યુનિયન દિવસની વિષય વસ્તું સાર્થક થશે.

યોગદર્શન

**અષ્ટાંગ યોગ**

# ધારણા એટલે ચિત્તવૃત્તિને શરીરની અંદર કે બહારના કોઈ દેશ કે પદાર્થમાં જોડવાની સાધના

યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર અષ્ટાંગયોગના આ પાંચ બર્હિરંગ સાધનોની આપણે આગળના લેખોમાં વિગતવાર સમજ મેળવી. પ્રત્યાહાર બર્હિરંગ અને અંતરંગ સાધનોને જોડે છે. ધારણા, ધ્યાન અને સમાધિ આ ત્રણ અંતરંગ સાધનો છે.બર્હિરંગ સાધનોનો અભ્યાસ કરતાં કરતાં મનની સ્થિરતા સધાય છે. મન ધીરે ધીરે સર્વે ઈન્દ્રિયોના વિષયોમાંથી મુક્ત બની જાય છે. ત્યારે મનને અન્ય વિષયોમાંથી ખસેડી એક ધ્યેય વસ્તુ પર સ્થિર કરવું એ ધારણા છે.

ધારણા એ અષ્ટાંગયોગનું છઠ્ઠું સોપાન છે. મહર્ષિ પતંજલિ યોગદર્શનના વિભૂતિપાદના સૂત્ર-૧માં ધારણા વિશે કહે છે - દેશ બન્ધશ્ચિત્તસ્ય ધારણા. એટલે કે ચિત્તને દેશવિશેષમાં સ્થિર કરવું એ ધારણા છે. અહીં દેશ એટલે સ્થાન કે પ્રદેશ કોઈ એક નિશ્ચિત વસ્તુ. આપણાં શરીરમાં આવેલ આધ્યાત્મિક સ્થાન કે ચંદ્ર, ધ્રુવનો તારો, સમુદ્રના લહેરાતા પાણી વગેરે કુદરતના બાહ્ય વસ્તુઓ ઉપર મનને સ્થિર કરવું, મનને એકાગ્ર કરવું. શરીરના જે આધ્યાત્મિક સ્થાન કે સૃષ્ટિના બાહ્ય સ્થાનો ઉપર મન એકાગ્ર કરવામાં આવે છે તેને ધ્યેય કહે છે. મહર્ષિ પતંજલિ કહે છે કે-ચિત્તની વૃત્તિને શરીરની અંદર કે બહારના કોઈ પણ દેશ અથવા તો પદાર્થમાં જોડી દેવાની ક્રિયા અથવા સાધનાને ધારણા કહેવાય છે.

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

આપણાં માનવ શરીરમાં આવેલા આધ્યાત્મિક કેન્દ્રોને દેશ કહે છે. યોગશાસ્ત્ર પ્રમાણે માનવ શરીરના ત્રણ પ્રકાર છે. સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. સૂક્ષ્મ શરીરમાં ચેતના કે પ્રાણનું વહન કરતી કરોડો નાડીઓ આવેલી છે. સૂક્ષ્મ શરીરમાં જ્યાં જ્યાં એક કરતાં વધારે નાડીઓ ભેગી થાય ત્યાં ચક્રોની રચના થાય છે. સૂક્ષ્મ શરીરમાં ૮૮,૦૦૦ જેટલાં ચક્રો છે. નાડીઓ અને ચક્રો નરી આંખે જોઈ શકાતા નથી. સુષુમ્સા, ઈડા અને પીંગલા ત્રણ મુખ્ય નાડીઓ છે. અષ્ટચક્ર જેમાં મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન

ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધિ ચક્ર, આજ્ઞા ચક્ર, સહસ્ત્રાર ચક્ર, અને મનસ ચક્ર છે. આ અષ્ટચક્રોને શરીરના અંદરના દેશ કે પ્રદેશ કહે છે. આ આધ્યાત્મિક ચક્રમાંના કોઈ એક ચક્રમાં ચિત્તની વૃત્તિને જોડી દેવી કે જોડવાના પ્રયાસને ધારણા કહે છે. જ્યારે કોઈ મંત્ર, મૂર્તિ, શબ્દ, છબી, સૂર્ય, ચંદ્ર, તારા, દેવી, દેવ કે સદગુરુ કે એવા કોઈ બીજા પદાર્થમાં ચિત્ત વૃત્તિને જોડી શકાય છે. ચિત્તની વૃત્તિને દેશ કે ભાગ સાથે જોડવાના અભ્યાસને ધારણા કહે છે.

શ્રીમદ્ભદગીતાના આઠમા અધ્યાયમાં શ્લોક - ૧૨માં ધારણાને આ રીતે સમજાવે છે...

**સર્વ દ્વારાણિ સંયમ્ય મનોહૃદિ નિરૂધ્ય ચ,**

**મૂધ્ન્યાંધાયાત્મનઃ પ્રાણમ્ આસ્થિત યોગધારણામ્.**

અર્થાત્... સર્વ ઈન્દ્રિજન્ય બધા કાર્યો પ્રતિ અનાસક્ત થવું એ યોગની સ્થિતિ છે. ઈન્દ્રિયોના બધા દ્વાર બંધ કરીને, મનને હૃદયમાં સ્થિર કરીને અને પ્રાણને મસ્તકના મધ્ય ભાગમાં લઈ જઈને સાધક પોતાને યોગમાં પ્રસ્થાપિત કરે છે. સરળ રીતે સમજીએ તો સઘળી ઈન્દ્રિયોનાં દ્વારોનો સંયમ કરવો એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચેય વિષયોમાંથી કાન, ત્વચા, આંખ, જીભ અને નાક આ પાંચેય જ્ઞાનેન્દ્રિયોને પૂરેપૂરી હટાવી લેવી. આજ પ્રમાણે બોલવું, લેવું, ચાલવું, મૂત્રત્યાગ અને મળત્યાગ આ પાંચેય ક્રિયાઓથી વાણી, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા આ પાંચેય કર્મેન્દ્રિયોને પૂરેપૂરી હટાવી લેવી. આમ કરવાથી ઈન્દ્રિયો પોતાના સ્થાનમાં રહેશે. મનનો હૃદયમાં જ નિરોધ કરી લેવો એટલે કે મનને વિષયો તરફ ન જવા દેવું. એથી મન પોતાના સ્થાનમાં રહેશે. પ્રાણોને મસ્તકમાં ધારણ કરી લેવો એટલે કે પ્રાણ ઉપર પોતાનો અધિકાર પ્રાપ્ત કરીને દસમા દ્વાર બ્રહ્મરંધ્રમાં પ્રાણોને રોકી દેવા. આ રીતે યોગધારણામાં સ્થિત થઈ જવું. ઈન્દ્રિયોથી કંઈ પણ ચેષ્ટા ન કરવી, મનથી પણ સંકલ્પ વિકલ્પ ન કરવા અને પ્રાણો ઉપર પૂર્ણ અધિકાર પ્રાપ્ત કરવો એને જ યોગધારણામાં સ્થિત થવું કહે છે.

ત્રાટક ષટકર્મની એક ક્રિયા છે.ત્રાકટના અભ્યાસથી એકાગ્રતા કેળવાય છે. ત્રાટક ધારણામાં મદદરૂપ બને છે... અને ધારણાનું આગળનું સ્વરૂપ તે ધ્યાન... ધારણામાં પરિપક્વતા આવે એટલે ધ્યાન સધાય. ધારણાના સતત એકધારા અભ્યાસથી ચિત્તની વૃત્તિ જે દેશ, પ્રદેશ, વસ્તુ-ધ્યેયમાં લાગી હોય તેમાં બરાબર જોડાઈ જાય અને પાણીના એકધારા પ્રવાહની જેમ એકતાનતાથી વહેવા માંડે તેને ધ્યાન કહે છે... ધ્યાન અંગે હવે પછી વાત કરીશું... ઓમ....

# આત્મનિર્ભર ભારતમાં સહકારિતા ક્ષેત્ર ચાવીરૂપ છે

કૃષિપ્રધાન દેશ તરીકે ભારત બહુ પ્રખ્યાત છે તે આપણે જાણીએ છીએ અને બધી જ પ્રગતિની સાથે હજી કૃષિ એક મહત્વનું ક્ષેત્ર આજે પણ છે. કોરોનાની મહામારી ગયા પછી સરકારશ્રી તરફથી ઘણા બધા પરિવર્તનો બહુ જ ઝડપથી અમલી બનાવ્યા જેમાં MSME, ડિજિટલ ભારત, કૃષિ, સેવાકીય સેકટરનો સમાવેશ થાય છે. વિશ્વનાં કુલ વ્યાપાર વત્તા ઉત્પાદનમાં ભારતે તેનું સ્થાન જો ટકાવી રાખવું હશે તો દેશમાં એક નવી ક્રાંતિ પેદા કરવી જ પડે એટલે જૂન ૨૦૨૧માં સહકારિતા મંત્રાલય શરૂ કર્યા બાદ ટૂંકા સમયમાં જ સહાકારથી સમૃધ્ધિનું સૂત્ર આપ્યુ અને તેની સાથે 'આત્મનિર્ભર ભારત'ની મક્કમતા પણ વ્યક્ત કરી ભારતનો આત્મા હજી ગામડાઓમાં વસે છે અર્થાત્ ગ્રામ્યવિકાસ બહુમૂલ્ય વિભાવના છે ત્યાં વિકાસની ઝંખના ખોટી નથી. સહકારનું ફલક અતિ વિશાળ છે પુષ્કળ સંસ્થાઓ, કાર્યરત છે તેને મજબૂત બનાવવાથી અર્થતંત્રમાં નવી શક્તિનો સંચાર થઇ શકે છે. કૃષિ વત્તા આનુષંગિક પ્રવૃત્તિઓને સમયસર માર્ગદર્શન, લોન, સહાય અને તાલીમ જો આપણે નિકાસ પણ વધારી શકીએ. ઉપરાંત ગ્રામ્ય સ્તરે કાર્યની તક વ્યાપક બનાવી શકાય. આમાટે ઘણી બધી નવી નવી યોજના પણ લાવવામાં આવી રહી છે. જેના પાયામાં વિકસિત ભારત ઉપરાંત આત્મનિર્ભર ભારત એક પ્રબળ હેતુ છે. આપણે હજી ચોમાસાનો નક્કર વિકલ્પ શોધી શક્યા નથી પણ ઉમદા જળ પ્રબંધનમાં વધુ સાવચેત થયા છીએ. વિજળી, સારા ઈનપુટ્સ સારા ભાવ અને ડિજિટલ માધ્યમથી વધુ થાય તેવો માહોલ રચી દીધો છે; હવે તેની જાગૃતિ વ્યાપક બનાવવાની છે. કૃષિ એ અન્ય ઉદ્યોગો માટે કાચોમાલ પણ સપ્લાય કરે છે. ઉપરાંત જોબ પૂરા પાડે છે તે સ્વીકારવું જ પડે તેમ છે. નાણાકીય સમાવેશન, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા આ બધા વિકસિત ભારત માટેનાં મુખ્ય આધાર સ્તંભો છેઃ તેમાં ગુડ ગર્વનન્સ ઉપરાંત ઈઝ ઓફ ડુંઈગ બિઝનેસ ઉમેરાય એટલે ઉત્તમ

**પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી**
ફેકલ્ટી મેમ્બર
NICM, ગાંધીનગર
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

ઉત્પાદન, વિપુલ ઉત્પાદન પ્રાપ્ત થવાની ખાત્રી છે. વિપુલ માત્રામાં મળે તો બંનેને સ્વીકૃત એગ્રી પ્રોડક્ટસ્ જેના માટે આ સરકાર પુષ્કળ કાર્ય કરી રહી છે. આપણી જનસંખ્યા વિશ્વમાં સૌથી વધુ એટલે આંતરિક વપરાશ પ્રમાણ પણ ખૂબ છે. તે પછી બેલન્સ રહે તેની નિકાસો કરવામાં આવે છે. જેનાથી દેશનું વિદેશી હુંડિયામણ સતત વધે આ હેતુ સિધ્ધ થાય તો ભારત આત્મનિર્ભર થઈ રહ્યો છે તે અનુભવી શકાય. આ વિકાસનાં માર્ગે વિઘ્નો તો અનેક છે માટે ઉપાયો અનેક કરવા પડે છે. ક્વોલિટી પ્રોડકશન અને સમયસર નિકાસ આ બન્ને ખૂબ જ આવશ્યક છે. દેશની અંદર ઉત્પાદનમાં ભેળસેળ કે નકલી બનાવટી ચીજો ઘુસાડવામાં આવી રહી છે તે અત્યંત દુઃખદ છે. તેનાથી આપણી વિશ્વફલકમાં છબી ધુંધળી થાય છે. બીજું વૈશ્વિક યુધ્ધો તથા ગ્લોબલ વોર્મિંગથી ચોમાસું અનિયમિત બન્યું તેનાથી ખરીફ ઉત્પાદનમાં ૨૧ થી ૨૫ ટકા ઘટ પડવાની સંભાવના વ્યક્ત હાલમાં જ થઈ છે. વૈશ્વિક યુધ્ધોના લીધે વિકાસશીલ રાષ્ટ્રોને આયાત નિકાસના ક્ષેત્રમાં સમસ્યા નડી રહી છે. એટલે હવે આત્માનિર્ભર થયા સિવાય વિકલ્પો ઓછા છે. આત્મનિર્ભર થવું એટલે મહત્વનાં તમામ ઉત્પાદનો વગેરે આપણે જ કરીએ આયાતો ઘટાડીએ તો ખર્ચમાં જતા ડોલર બચે અને નિકાસો જો વધારી શકીએ તો ડોલરમાં આપણું બેલન્સ વધે. આપણું લક્ષ્ય સ્વાવલંબી ભારત બનાવવા તરફ છે તેમાં સહકારિતા ક્ષેત્રમાં હવે ત્રિભુવન સહકારી યુનિ. ભારતમાં બનાવવામાં આપી છે એટલે કુશલ વર્કફોર્સ દરેક સ્તરે ઉપલબ્ધ થશે જેનાથી ડિજિટલ ક્રાઈમ્સ કે ફ્રોડ પણ અટકાવી શકશે. ઉદ્યોગ, ખેતી તથા સેવાના ક્ષેત્રમાં આપણો દેશ ઝડપથી આત્મનિર્ભર થશે તેવી અપેક્ષા છે.

**સહકાર સુવિચાર**

**સહકાર એટલે એકતાની એવી શક્તિ,**
**જે અશક્યને પણ શક્ય બનાવી શકે.**
**જ્યાં 'હું' નહીં, 'આપણે'નો ભાવ જન્મે,**
**ત્યાં વિશ્વાસ અને વિકાસ સાથે આગળ વધે.**
**સહકારથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી સુખી સમાજ બને**

યાત્રાધામ

# ચિત્રકૂટ - સ્થિત - ગુપ્ત ગોદાવરી - મહાત્મય

**પ્રથમહિં દેવન્હ ગિરિ ગુહા રાખેઉ રુચિર બનાઈ**
**રામ કૃપાનિધિ કછુ દિન બાસ કરહિંગે આઈ ॥**
**(કિષ્કન્ધાકાંડ દોહ-૧૨)**

આધિ ભૌતિક દૃષ્ટિથી ચિત્રકૂટ ઉત્તર ભાગમાં આવેલું એક - રામ-સીતા-લક્ષ્મણની વિહાર ભૂમિ તરીકે પ્રસિધ્ધ છે. ચિત્રકૂટ ખાતે રામઘાટતી ૨૦ કિ.મિ. દૂર સતના ચિત્રકૂટ માર્ગ પર ગુપ્ત ગોદાવરી છે. આ પવિત્ર ધામનું પ્રાકૃતિક સૌંદર્ય આપણને કુદરતની સમીપ લઈ જાય છે.

રામચરિત માનસના ઉક્ત દોહામાં તુલસીદાસ લખે છે. ''કૃપાનિધિ - રામચંદ્રજી ચૌદ વર્ષના વનવાસ દરમિયાન અહીં આવીને કેટલાક દિવસ સુધી નિવાસ કરશે, એમ જાણીને દેવતાઓએ પ્રથમથી જ તૃગારંણ્ય પર્વત પર એક સુંદર ગુફા બનાવી રાખેલ હતી. શ્રીરામના આગમનથી આ પર્વતમાં સુંદર વન ફુલી રહેલા વૃક્ષોથી બહુજ શોભી રહ્યા હતા. મકરંદના લોભવાળા ભ્રમર પુષ્પોમાં ગુંજારવ કરી રહ્યા હતા.''

**વિનોદ એમ. મકવાણા**
''પંચવટી'' અમીપાર્ક,
બી-૧ની બાજુમાં, ૧૫૦ ફૂટ રીંગ રોડ,
પી.વી.મોદી સ્કૂલ નજીક,રાજકોટ-૩૬૦૦૦૭
મો. ૯૪૨૭૨૦૦૦૯૬

પૌરાણિક કથા મુજબ ગોદાવરી રાવણના મિત્ર મેનાર્ક પર્વતની પૂત્રી હતી.એ સીતાજીની બચપણની સહેલી હતી. જયારે શ્રીરામ-સીતા-લક્ષ્મણ વનવાસ દરમિયાન ચિત્રકૂટ ખાતે આવે છે. તે સમયે પ્રભુની સેવા માટે ગોદાવરી નાસીકથી ગુપ્ત રૂપમાં તૃગારણ્ય પર્વતમાં પ્રગટ થાય છે. અને ત્યારબાદ વિલુપ્ત થઇ જાય છે. આથી આજ પણ ગુપ્ત ગોદાવરી નામથી પ્રસિધ્ધ છે.

આ લખનાર તા.૩૦-૦૫-૨૦૨૬ના રોજ પાવન ધામ ગુપ્ત ગોદાવરીના દર્શને ગયેલ. આ પવિત્ર સ્થાનમાં લોખંડના આશરે ૧૦૦ પગથીયા ચડી ઉપર જવાય છે. અહીં બે સુંદર ગુફા છે. બડી ગુફા પ્રથમ આવે છે.જેમાં નીચા નમી પ્રવેશ કરતા એક અલૌકીક અનોખી અનુભૂતિ થાય છે. કથા અનુસાર આ ગુફામાં માતા સીતા સ્નાન કરતા હતા. તે સમયે મયંક નામનો રાક્ષક આવે છે. અને માતાના વસ્ત્ર લઈ ભાગવા જાય છે ત્યારે દંડ સ્વરૂપે તેને શિલા બનાવી ત્યાં ટાંગી દિધેલ છે.

અહીં દર્શન કરતા... અન્ય શીલાથી અલગ કાળો પથ્થર છે. આજ પણ આ શિલાને હલાવતા. ખટખટ અવાજ આવે છે.

આથી ખટખટા ચોર તરીકે પ્રસિધ્ધ છે. અહીંથી બહાર આવતા. રામ-સીતા-લક્ષ્મણની મૂર્તિની સ્થાપેલ છે. જેના દર્શન કરતા પરોક્ષ નહીં પણ પ્રત્યક્ષ શ્રીરામ-લક્ષ્મણ-સીતા રીતે હાજર છે. તેવી અનુભૂતિ થાય છે.

અહીંથી સીડી ઉતરી. બીજી ગુફામાં પ્રવેશ કરતા અહીં પંચમુખી ગુપ્તેશ્વર મહાદેવની પૌરાણિક સિધ્ધ મૂર્તિ છે. જેની સ્થાપના ઋષિ મુનિઓએ કરેલ હોવાનું મનાય છે. આ ગુફામાં ગોઠણથી વધુ પાણી ભરેલ હોય છે. પાણીમાં ચાલીને આગળ વધવાનું હોય છે. ત્યાર બાદ સીડી ઉતરી બહાર આવવાનું છે.

આ ગુપ્ત ગોદાવરી પાવન તીર્થ સૌંદર્ય તથા ધાર્મિક આસ્થાનું અવિસ્મરણીય સંગમ સ્થાન છે. પવિત્ર ગુફામાં ખળખળ વહેતી જળધારા આપણા રોમે રોમને પુલકિત કરે છે. જેથી માણસ પોતાના સંપૂર્ણ દુઃખ દર્દ વ્યથા ભૂલી જાય છે. આગળના જીવન માટે નવી ઉર્જા પ્રાપ્ત થાય છે.

જે મનુષ્ય ગુપ્ત ગોદાવરીમાં પૂર્ણ શ્રદ્ધા સાથે સ્નાન કરે છે. જેના અનેક જન્મના પાપ નાશ પામે છે. તેમજ વિધિ-વિધાન પૂર્વક અહીં સંધ્યા કરે છે તેના સમગ્ર કુળનો ઉધ્ધાર થઇ જાય છે. આથી તુલસીદાસજી ગોદાવરીનું મહાત્મય વધારતા લખે છે.

સુરસરિ સરસઇ દિનકર કન્યા ।
મેખલ સુતા ગોદાવરી ધન્યા ॥

## સહકાર સુવિચાર

**"संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम्"**

**— ઋગ્વેદ**

**અર્થાત્ સાથે ચાલીએ, સાથે બોલીએ અને આપણા મન એક બને.**

**સહકાર એ માત્ર હાથ મિલાવવાનું નામ નથી, પરંતુ હૃદય જોડવાનું કાર્ય છે.**

**જ્યાં એકતા, વિશ્વાસ અને પરસ્પર સહયોગ હોય, ત્યાં વિકાસનાં દ્વાર ખુલે છે.**

**સહકારથી શક્તિ, શક્તિથી પ્રગતિ અને પ્રગતિથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.**

**"एकं बलं बहूनां संहतिः"**

**— ભાવાર્થઃ અનેકની એકતા જ અખંડ શક્તિ છે.**

**સૂર અલગ હોય તો સંગીત ક્યાંથી સર્જાય?**

**સ્વરો જ્યારે એકતામાં ભળે, ત્યારે મધુર રાગ જન્મે છે.**

**એ જ રીતે વ્યક્તિઓ જ્યારે સહકારના સૂરમાં જોડાય, ત્યારે સમાજના આંગણે વિકાસનું ગીત ગૂંજે છે.**

**સહકાર એટલે અનેક અસ્તિત્વોમાંથી એક સમૃદ્ધ ભવિષ્યનું સર્જન.**

મનન

# ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે...

"ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે..." - આ પંક્તિ માત્ર કાવ્યાત્મક અભિવ્યક્તિ નથી, પરંતુ સમાજને અન્યાય, અસમાનતા અને ભૂખ સામે જાગૃત કરતી ચેતવણી છે. ભૂખ માત્ર પેટની જરૂરિયાત નથી; તે માનવીના સન્માનપૂર્વક જીવવાના અધિકાર સાથે જોડાયેલી છે.

વિશ્વ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ જો કોઈ બાળક ભૂખ્યું સૂઈ જાય, કોઈ શ્રમિકને પૂરતું ભોજન ન મળે કે કોઈ ખેડૂત પોતાના પરિવારની જરૂરિયાતો પૂરી કરવા સંઘર્ષ કરે, તો વિકાસ અધૂરો છે. વિકાસની સાચી કસોટી ઊંચી ઈમારતોમાં નહીં, પરંતુ ગરીબના ઘરમાં સળગતા ચૂલામાં છે.

ભૂખ લાંબા સમય સુધી સહન કરવામાં આવે ત્યારે તે અસંતોષ અને આક્રોશનું સ્વરૂપ ધારણ કરી શકે છે. તેથી "ખંડેરની ભસ્મકણી" કોઈ એક ઈમારતના વિનાશનું નહીં, પરંતુ અન્યાયી અને અસમાન વ્યવસ્થાના પતનનું પ્રતીક છે. આ પંક્તિ હિંસાની નહીં, પરંતુ ન્યાય અને સમાનતાની જરૂરિયાતની ચેતવણી આપે છે.

ભૂખનો કાયમી ઉકેલ માત્ર દાન કે એક વખતના ભોજનમાં નથી. તેના માટે રોજગાર, યોગ્ય આવક, શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા અને આર્થિક તકો જરૂરી છે. ખાસ કરીને અન્નદાતા ખેડૂતને યોગ્ય ભાવ, સમયસર ધિરાણ, ગુણવત્તાયુક્ત બિયારણ, સિંચાઈ, સંગ્રહ, પ્રોસેસિંગ અને બજારની સુવિધા મળે તે અન્નસુરક્ષાની મૂળભૂત શરત છે.

આ સંદર્ભમાં સહકારી ચળવળ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. "એકલા નહીં, સાથે મળીને આગળ વધવું" એ સહકારનો મૂળમંત્ર છે. સહકારી સંસ્થાઓ ખેડૂતોને ઉત્પાદનથી બજાર સુધી સંગઠિત કરી શક્તિ આપે છે, મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવે છે અને ગ્રામ્ય યુવાનો માટે રોજગાર તથા ઉદ્યોગની નવી તકો ઊભી કરી શકે છે.

ગરીબી દૂર કરવા માટે રાહત, રોજગાર અને સશક્તીકરણ-આ ત્રણેયનો સમન્વય જરૂરી છે. રાહત આજે ભૂખ

શમાવે છે, રોજગાર આવતીકાલની આવક સુનિશ્ચિત કરે છે અને સશક્તીકરણ વ્યક્તિને પોતાના પગ પર ઊભા રહેવાની શક્તિ આપે છે.

સાચો વિકાસ ત્યારે કહેવાય જ્યારે કોઈ બાળક ભૂખ્યું ન સૂએ, ખેડૂતને મહેનતનું યોગ્ય વળતર મળે, શ્રમિકને ગૌરવપૂર્ણ રોજગાર મળે, મહિલાને આર્થિક સ્વતંત્રતા મળે અને યુવાનને વિકાસની તક મળે. વિકાસનું અંતિમ લક્ષ્ય આંકડા નહીં, પરંતુ માનવીનું સુખ અને સન્માન છે.

આથી ભૂખને અવગણવાને બદલે તેને સમજવાની અને તેના મૂળ કારણો દૂર કરવાની જરૂર છે. જઠરાગ્નિને આક્રોશ અને વિનાશ તરફ નહીં, પરંતુ જ્ઞાન, કર્મ, સહકાર અને સર્જનાત્મક પરિવર્તનની શક્તિમાં ફેરવવી એ સમાજની જવાબદારી છે.

## સહકાર સે સમૃદ્ધિ

| | | |
|---|---|---|
| સહકાર સે સમૃદ્ધિ, | માતૃશક્તિ આગળ વધે, | કરીએ ભારતનો શણગાર! |
| સહકાર સે શક્તિ! | યુવા ભરે નવી ઉડાન, | એકતામાં શક્તિ અમારી, |
| હાથમાં હાથ મિલાવીને, | ગામડાંથી શહેર સુધી હવે, | સેવામાં સંકલ્પ મહાન, |
| લખીએ વિકાસની ભક્તિ! | ગૂંજે સહકારનું ગાન! | સહકારના પથ પર ચાલીને, |
| સહકાર સે સમૃદ્ધિ!-હો...હો. | બીજથી બજાર સુધીની, | ઉન્નત કરીએ હિન્દુસ્તાન! |
| એકતાની જ્યોત જલાવી, | સફર બને સહિયારી, | ખેડૂત, શ્રમિક, નારી, યુવા, |
| બદલીએ દેશની દિશા! | શ્રમનું મૂલ્ય વધારવા સૌની, | સૌનો સહિયારો સાથ, |
| ખેડૂતના ખેતરમાં હરિયાળી, | જવાબદારી આપણી! | સહકારથી સમૃદ્ધિ લાવીએ, |
| અન્નથી ભરાય ભંડાર, | ‘‘મારું’’ નહીં, ‘‘આપણું’’ બોલીએ, | આ જ વિકાસની વાત! |
| દૂધની ધારા વહે ગામે ગામ, | આપણું સૌનું ગામ, | સહકાર સે સમૃદ્ધિ! |
| મહેનતને મળે સન્માન! | સૌના સુખમાં સુખ શોધીએ, | સહકાર સે શક્તિ! |
| નાના મોટાનો ભેદ ભૂલીને, | સૌના હૈયે એક નામ! | સહકાર સે એકતા! |
| સૌ બનીએ એક પરિવાર, | વિશ્વાસની મૂડી લઈને, | સહકાર સે પ્રગતિ! |
| સહકારની શક્તિથી આજે, | કરીએ નવા સપનાં સાકાર, | સહકારનો સંદેશ લઈને, |
| સજાવીએ નવો સંસાર! | સહકારી ભાવનાથી આપણે, | નવું ભારત બનાવીએ! |

## ‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| ‘ગ્રામસ્વરાજ’ માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-08-2026)

# સ્વતંત્ર ભારતનું સહકારી સ્વપ્નઃ આત્મનિર્ભરતા, સમૃદ્ધિ અને રાષ્ટ્રનિર્માણનો માર્ગ

## ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ વિશેષ

૧૫ ઓગસ્ટ માત્ર ભારતની રાજકીય સ્વતંત્રતાનો દિવસ નથી, પરંતુ રાષ્ટ્રના આત્મસન્માન, એકતા અને સામૂહિક શક્તિનો પર્વ છે. અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનથી પ્રાપ્ત થયેલી આઝાદીએ આપણને માત્ર અધિકારો જ નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણની જવાબદારી પણ સોંપી છે.

સ્વતંત્ર ભારતના વિકાસમાં સહકારી ચળવળે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ખેડૂતો, દૂધ ઉત્પાદકો, કારીગરો, મહિલાઓ અને સામાન્ય નાગરિકોને સંગઠિત કરીને સહકારે આર્થિક સશક્તિકરણનો મજબૂત આધાર ઊભો કર્યો છે. ગુજરાતે તો સહકારને વિકાસનું અસરકારક મોડેલ બનાવી સમગ્ર દેશ માટે પ્રેરણા પૂરી પાડી છે.

આજે ભારત ‘‘આત્મનિર્ભર ભારત, વિકસિત ભારત’’ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે ત્યારે સહકારી ક્ષેત્રને નવી દિશા મળી છે. સહકાર મંત્રાલયની રચના પછી સહકારી ક્ષેત્રમાં વ્યાપક સુધારાઓને વેગ મળ્યો છે. ‘‘સહકારથી સમૃદ્ધિ’’ના મંત્રને સાકાર કરવા માટે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)નું આધુનિકીકરણ અને કોમ્પ્યુટરાઈઝેશન, દરેક પંચાયતમાં નવી બહુહેતુક સહકારી સંસ્થાઓની સ્થાપના, ડિજિટલ સેવાઓનો વિસ્તાર, સહકારી શિક્ષણ અને તાલીમ તેમજ રાષ્ટ્રીય સ્તરની નવી એપેક્સ સહકારી સંસ્થાઓની રચના જેવા અનેક પ્રયાસો થઈ રહ્યા છે. આ પહેલો સહકારી સંસ્થાઓને વધુ પારદર્શક, સશક્ત અને સભ્યકેન્દ્રિત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

સ્વતંત્રતાના આ પાવન અવસરે આપણે સહકારને માત્ર એક આર્થિક વ્યવસ્થા નહીં, પરંતુ રાષ્ટ્રસેવાના સશક્ત માધ્યમ તરીકે સ્વીકારવાનો સંકલ્પ કરીએ. સહકારની શક્તિથી જ આત્મનિર્ભર ગામ, સમૃદ્ધ ખેડૂત, સશક્ત મહિલા અને આત્મનિર્ભર ભારત, વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર બની શકે છે.

સ્વતંત્રતાની સાચી ઉજવણી ત્યારે જ ગણાશે જ્યારે રાષ્ટ્રપ્રેમ કર્તવ્યમાં, સહકાર સંસ્કારમાં અને વિકાસ જનકલ્યાણમાં પરિવર્તિત થશે. આ જ ભાવના સાથે ચાલીએ-સહકારથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી વિકસિત ભારત તરફ.

વંદે માતરમ્ જય હિંદ!

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza,
B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat